Jain Dharma Vikas (Monthly) Regd No. B.4494




પુસ્તક ૩ જું.] શ્રાવણ: વીર સંવત ૨૪૬૯ [અંક ૧૦

NO-057537



તંત્રી અને પ્રકાશક:

ભોગીલાલ સાંકળચંદ શેઠ.

પંચાંગ.
ભાદરવો

વદિ ૧ ક્ષય
વદિ ૧૦ બે

| તિથી | વાર | તારીખ |
|---|---|---|
| સુ૧ | મંગળ | ૩૧ |
| ૨ | બુધ | ×૧ |
| ૩ | ગુરૂ | ૨ |
| ૪ | શુક્ર | ૩ |
| ૫ | શનિ | ૪ |
| ૬ | રવિ | ૫ |
| ૭ | સોમ | ૬ |
| ૮ | મંગળ | ૭ |
| ૯ | બુધ | ૮ |
| ૧૦ | ગુરૂ | ૯ |
| ૧૧ | શુક્ર | ૧૦ |
| ૧૨ | શનિ | ૧૧ |
| ૧૩ | રવિ | ૧૨ |
| ૧૪ | સોમ | ૧૩ |
| ૧૫ | મંગળ | ૧૪ |
| વ૨ | બુધ | ૧૫ |
| ૩ | ગુરૂ | ૧૬ |
| ૪ | શુક્ર | ૧૭ |
| ૫ | શનિ | ૧૮ |
| ૬ | રવિ | ૧૯ |
| ૭ | સોમ | ૨૦ |
| ૮ | મંગળ | ૨૧ |
| ૯ | બુધ | ૨૨ |
| ૧૦ | ગુરૂ | ૨૩ |
| ૧૦ | શુક્ર | ૨૪ |
| ૧૧ | શનિ | ૨૫ |
| ૧૨ | રવિ | ૨૬ |
| ૧૩ | સોમ | ૨૭ |
| ૧૪ | મંગળ | ૨૮ |
| ૦)) | બુધ | ૨૯ |

વાર્ષિક લવાજમ.] **વિષય-દર્શન.** [રૂપિયા, ત્રણ.

## શ્રાવણ, વિ. સં. ૧૯૯૯.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| પધારો પર્વાધિરાજ! | મુનિ હેમેન્દ્રસાગર. (પ્રાંતીજ) | ૨૧૭ |
| પર્વાધિરાજ પર્યૂષણ | તંત્રી સ્થાનેથી | ૨૧૮ |
| કર્મવીર રાજપુત્ર ચંદ | આચાર્ય વિજયકલ્યાણસૂરિ. | ૨૨૦ |
| સરસ્વતી ગુણસ્તુતિ | મુનિ દુર્લભવિજયજી મ. | ૨૨૨ |
| પર્વાધિરાજની આરાધના | મુનિમહારાજ લક્ષ્મીસાગરજી (પ્રાતીજ) | ૨૨૩ |
| પર્યુષણ પર્વ આજે છે. | કવિરાજ બાલચંદ્ર એમ. પંડિત | ૨૨૪ |
| ત્રણ વસ્તુનો અજબ ચમત્કાર | ,, | ૨૨૫ |
| એ પણ એક ગમાર | ,, | ૨૨૬ |
| પત્ર પેટી | તંત્રી | ૨૨૬-૨૩૩ |
| પૂર્વાચાર્યોના ગ્રંથોનું કરાયેલું ભયંકર અપમાન | શાહ વસંતલાલ રતીલાલ | ૨૩૫ |
| જૈન જ્યોતિષ સંબંધી કાંઈક | મુનિશ્રી આણંદવિજયજી | ૨૩૮ |
| વર્તમાન સમાચાર. | તંત્રી. | ૨૪૦ |


સુદિ ૧ મંગળ શ્રી મહાવીર જન્મ વાંચન દીન
સુદિ ૨ બુધ તેલાધર દીન
સુદિ ૪ શુક્ર શ્રી સંવત્સરી અને પર્યુષણ પર્વ સમાપ્ત દીન
સુદિ ૮ મંગળ દુબળી આઠમ
સુદિ ૯ બુધ શ્રી સુવિધિનાથ મોક્ષ
સુદિ ૧૧ શુક્ર શ્રીમદ્ હિરવિજયસુરીજી મહારાજ જયંતિ દીન
વદિ ૩ ગુરૂ પં. વિરવિજયજી મ. નિર્વાણ દીન
વદિ ૭ સોમ રોહીણી દીન
વદિ ૦)) બુધ શ્રી નેમિનાથ કેવલદીન

 | દ્વારાઃ-વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અદાવાદ.

# જૈનધર્મ વિકાસ.

પુસ્તક ૩ જું. શ્રાવણ, સં. ૧૯૯૯. અંક ૧૦ મો.

## પધારો પર્વાધિરાજ

લેખકઃ—મુનિ હેમેન્દ્રસાગર [પ્રાંતીજ].

"અદ્રિઓમાં શત્રુંજય, નૃપાલોમાં ભરત, ધનુર્ધરોમાં ધનંજય, પક્ષિઓમાં ગરૂડ જે સ્થાન ભોગવે છે. તેજ સ્થાન સર્વ પર્વોમાં—પર્વાધિરાજ ભોગવે છે".

"જન્માન્તરોનાં પાપો દુર કરવાની શક્તિ વિધિપૂર્વક પર્વાધિરાજની આરાધના કરવામાં વસી છે".

"કલ્પસૂત્ર શ્રવણુ, છઠ્ઠ અઠ્ઠમ તપશ્ચર્યા, ક્ષમાપના, સાધર્મિકવાત્સલ્ય, જિનરાજમન્દિર પ્રતિમાદર્શન અને સાધુવરદર્શન એ આદિ પર્વાધિરાજ આરાધનનાં શ્રેષ્ઠ સાધનો છે".

પધારો પર્વાધિરાજ !
સમભાવની સૌમ્ય વર્ષા વર્ષાવતા,
ઝેર, વેર, વિરોધને હઠાવતા
યશસ્વી પર્વાધિરાજ પધારો.
વ્રતોના અધિરાજ !
કલ્પસૂત્ર ગાયે લલિત ભાવે
આપના જ યશસ્વી ગુણો
કુવાસનાની શિશિર હરી
પ્રગટાવો કૃપાલુ દેવ, !
તત્ત્વ ભરી દિવ્ય વસંત.
પરમ સુખના ભોક્તા કરવા,
તીર્થંકરોની કૃપા ભવિઓને આપવા,
પધારો દેવ ! અમ ઉર મંદિરે,
પ્રગટાવો આર્યત્વ સર્વે દેશે.
ભિન્નતા સમાવી અર્પો એકતા
અવિદ્યા અજ્ઞાન દૂર થવા.
પ્રગટાવો દિવ્ય શક્તિ અમ ઉરે,
જ્ઞાન વર્ષા સ્વરૂપ !
વર્ષાવો અમોઘ અમૃત ધારા.
ને સિંચન કરો અમ રોમરોમ
પ્રમુદિત કરો અમારાં પ્રત્યેક અણુ;
ઘનપટ તોડી પ્રકાશે યથા રવિ.
તથા દૂર કરો અમ અજ્ઞાન
ને પ્રકાશો દેવ ! અમારા હૃદયાકાશે.
અર્પો દિવ્ય જ્ઞાન સર્વે ભવિને
સમર્પો જ્ઞાન સુવાસ ભાવથી.
ને સુવાસિત કરો અમ આર્યભૂમિ !
પધારો જયવંત અને અજીત
પ્રમોદમય ને કરૂણાળુ
તીર્થંકર દેવના પ્રબળ પ્રતિનિધિ
લાખ લાખ વંદન આપને,
રાજેંદ્ર સુરેંદ્ર નરદેવ સર્વ પૂજે પ્રેમે.
પર્વશિરોમણિ પર્વાધિક રાજ !
આપનાં હેમ સમ પુનીત
ને ઉત્તમ પગરણોને,
વિરાજો અમ અંતરે;
પધારો પર્વાધિરાજ !
પધારો પ્રેમથી અમ આંગણે,
ને પાવન કરો અમને
પુણ્યવંત પર્વાધિરાજ !

**પર્વ શિરોમણિ પર્વાધિરાજ !**

શ્રાવણ સં. ૧૯૯૯ :: જૈન ધર્મવિકાસ :: અંક ૧૦ મો

## તંત્રી સ્થાનેથી

### પર્વાધિરાજ પર્યૂષણ

**'अकालो नास्ति धर्मस्य जीविते चञ्चले सति'** એ પદ લક્ષમાં રાખી ધર્માનુષ્ઠાન કે ધર્મની આરાધના હરહંમેશ કરવી જોઈએ.

શ્રાવકનાં કૃત્યો—**'मन्ह जिणाणं आणं ...सड्डाण किच्चमेअं निच्चं सुगुरूवएसेणं'** એ સૂત્ર જિનેશ્વરની આજ્ઞા માનવી, મિથ્યાત્વનો ત્યાગ કરો, સમ્યક્ત્વને ધારણ કરો વિગેરે શ્રાવકે હંમેશ કરવાનાં કૃત્ય કહે છે.

આ કૃત્યો હરહંમેશ કદાચ પ્રમાદાદિને લઈ ન કરે તો પણ પોતાને શ્રાવક કહેવરાવનારે પર્યુષણમાં તો જરૂર કરવાં જોઈએ.

પર્વોની યોજના ધર્મકરણી તે દીવસે સવિશેષ પ્રમાણમાં સમુદાય સાથે કરવાના આશયે હોય છે. બીજ પાંચમ આઠમ અગિઆરસ ચોદશ પુનમ વિગેરે પર્વો દરમાસે રહેલાં નિયત પર્વો છે. બે ઓળી, ત્રણ ચૌમાસી અને એક પર્યુષણ અઠ્ઠાઇ એ છ મહા પર્વો છે. તેમાં પણ પર્યુષણપર્વ સર્વ શ્રેષ્ઠ હોઇ **પર્વાધિરાજ** કહેવાય છે.

જૈન કુળમાં જન્મેલો અને પોતાની જાતને જૈન કહેવરાવનાર જૈન ઓછામાં ઓછો પર્યૂષણનો તો તે આરાધક હોવોજ જોઇએ. પર્યૂષણપર્વની આરાધનાને પણ નહિ કરનાર નામથી પણ જૈન કહેવા યોગ્ય નથી. પર્યૂષણપર્વની આરાધના તે જૈન કહેવા માટેની પ્રાથમિક યોગ્યતા છે, કારણકે જૈન શાસ્ત્ર અનંતાનુબંધિ, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની ને સંજ્વલન એ ચાર કષાય માને છે. તેમાં અપ્રત્યાખ્યાની કષાયનો કાળ ઉત્કૃષ્ટ એક વર્ષ છે. જીવનમાં થયેલ ક્રોધ માન માયા અને લોભની એક વર્ષથી વધુ જીવનમાં સ્થિતિ ન હોવી જોઇએ. એક વર્ષની અંદર છેવટે પર્યુષણમાં મિથ્યાદુષ્કૃત દ્વારા તેને આલોચી દુર કરવાં જોઇએ. એક વર્ષથી જો તે કષાયની સ્થિતિ વધુ રહે તો તે કષાય જૈનશાસ્ત્ર પ્રમાણે અનંતાનુબંધિ કહેવાય છે, ને અનંતાનુબન્ધિ કષાય જેને હોય તે મિથ્યાત્વી કહેવાય છે. મિથ્યાત્વી જૈન કહેવાય નહિં. આજ આશયને મૂખ્ય રાખીને પરમ પૂજ્ય કાલિકાચાર્યે પાંચમની ચોથ કરતાં જણાવેલ કે એક વર્ષમાં એક દિવસ ઓછો કરી શકાય પણ પાંચમની છઠ્ઠ ન થાય.

આથી એ સ્પષ્ટ છે કે નામથી જૈન કહેવરાવનારે દ્રવ્યથી પણ મિથ્યાત્વથી બચવા ઓછામાં ઓછા પર્યુષણપર્વના આરાધક થવું જોઈએ.

હવે આ પર્યુષણ પર્વની આરાધના કઇ રીતે થઇ શકે ? જૈન શાસ્ત્રે ફરમાવેલ તત્ત્વજ્ઞાનને સ્વીકારવાથી અને તેના અનુષ્ઠાનોને માન્ય કરી આચરવાથી—

જૈનશાસ્ત્રે ફરમાવેલ તત્ત્વજ્ઞાનનો સ્વીકાર પર્વની આરાધનાની વૃત્તિ સાથે જ સમાવેશ થાય છે કારણકે જૈનશાસ્ત્રનું તત્ત્વજ્ઞાન સત્ય છે એ વૃત્તિ વગર પર્વની શુદ્ધ આરાધનાનો સંભવ નથી.

ધાર્મિક અનુષ્ઠાનોને માન્ય કરી આચરણ કરવું તેમાં જૈનધર્મમાં સર્વ આચરણામાં અહિંસાની આચરણાને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે 'યતના એ ધર્મ' **'अहिंसा संजमो तवो'** આ શબ્દમાં ધર્મની મૂર્તિ અહિંસા જણાવવામાં આવી છે. હરહંમેશ અહિંસાના પાલનમાં તત્પર રહેનાર જૈન પર્વદીવસે ખુબ જ જયણાવાળો રહી અહિંસાનું પાલન કરે એટલું જ નહિં પણ પોતાથી શક્ય હોય તે સર્વ ઠેકાણે અહિંસાના પાલન માટે વીર્ય ફોરવે તેને અમારિ પ્રવર્તન કહેવામાં આવે છે આ **અમારિ પ્રવર્તન એ પર્યુષણનું પ્રથમ અને મુખ્ય કર્તવ્ય છે.**

'સ્વામિના સગપણ સમું અવર ન સગપણ કોય' આ પદથી સ્વધર્મિના સંબંધ વિના બીજો કોઈ ઉત્તમ જગતમાં સંબંધ નથી. પિતા પુત્ર, નોકર શેઠ વિગેરે સર્વ સંબંધો કોઈને કોઈ સ્વાર્થી આશય સાથે જોડાયેલા હોય છે અને તે સ્વાર્થી આશયમાં એક બીજા તરફનો ઉપકાર કલ્યાણ બુદ્ધિનો હોતો નથી. પણ સ્વાર્થબુદ્ધિથી સંકલિત હોય છે. જ્યારે સ્વધર્મિનો સહચાર કે સંપર્ક એક બીજાને ધર્મ પ્રેરણા આપનાર હોવાથી જીવન પ્રગતિશીલ છે. ને જગતમાં પરમકલ્યાણ કોઈ હોય તો તે જીવન પ્રગતિ છે. આથી **જીવન પ્રગતિ સાધક બીજું કર્તવ્ય નિરંતર ધર્મમાં રક્ત એવા સહધર્મીજનનું વાત્સલ્ય એ પર્યુષણમાં કરવા યોગ્ય છે.**

જગતના પ્રાણી માત્રનું જીવન વિષય કષાય ને ક્લેશથી ભરપુર છે. આ ક્લેશ કંકાસને ભુંસનાર જીવનને નિર્મળ અને શુદ્ધ કરનાર ક્ષમાપના છે. જગતના જીવો માત્ર તરફ વૈર વિરોધની લાગણીને દૂર કરવી, માયાની ઉંડી ગાંઠોને ઉકેલવી અને નિર્મળ જીવન કરી **આ પર્વમાં ક્ષમા માગવી તે આ પર્વનું ત્રીજું કર્તવ્ય છે.**

નિકાચિત કર્મોને ખપાવવામાં પણ જો કોઇ સમર્થ હોય તો તે તપ છે. બાર માસના સામાન્ય પાપોની આલોચના રૂપ અઠ્ઠમ તપ આ પર્વમાં ખાસ કર્તવ્ય છે. છ ખંડના ભોક્તા ચક્રવર્તિ રાજાઓ ઐહિક સુખ માટે પોતાની જીંદગીમાં અનેક ઠેકાણે અઠ્ઠમ તપ કરે છે.તો પોતાનોજ આત્મા અનેક પાપોથી ભારે થયેલો હોય તેને ભારમાંથી હળવો કરવા તેને શું અઠ્ઠમ અસાધ્ય છે અર્થાત્ **આખા વર્ષના પાપના પ્રાયશ્ચિત્તરૂપ અઠ્ઠમ તપ એ આ પર્યુષણનું ચોથું કર્તવ્ય છે.**

સારો વેપારી રોજની આવ જાવકનો હિસાબ રાખે તેથી પ્રમાદી મેળ રાખે અને છેવટે વ્યવહારમાં ઈજ્જતનો અર્થી હિસાબ ન રાખે તો પણ વર્ષ આખરે સામાના ત્યાં જે લેણુંદેણું નીકળે તે ચૂકવી પોતાની આબરૂ વ્યવહારમાં સાચવી રાખે તેમ રોજેરોજના પાપની આલોચનારૂપ દૈવસિક અને રાઈ પ્રતિક્રમણ કદાચ ન કરે. પાક્ષિક અને ચૌમાસિક પાપની આલોચનારૂપ પક્ખી અને ચૌમાસી પ્રતિક્રમણ ન કરે પણ જૈન ધર્મી તરીકે કહેવાની આબરૂ ખાતર સંવત્સરી પ્રતિક્રમણ એ ખાસ આવશ્યક છે. જો તે પણ ન કરે તો જાણવું જોઈએ કે તે જૈનધર્મી તરીકેની ઇજ્જતથી તે પરવાર્યો છે. **આથી પર્યુષણનું પાંચમું કર્તવ્ય સંવત્સરી પ્રતિક્રમણ છે.**

અંતે અમે વર્ષની અંદર થયેલ વૈર-વિરોધને ક્ષમાવનાર ક્ષમાપના વાંચકોને આપવા સાથે પર્યુષણ પર્વાધિરાજને આનંદથી ઉજવવા સાથે પોતાના આત્માને પલ્લવિત કરવા અનુમોદી વિરમીએ છીએ.

## સ્વર્ગસ્થ જૈનાચાર્ય વિજયનીતિસૂરીશ્વરજીમહારાજના વિચારોનું આંદોલન.

# કર્મવીર રાજપુત્ર ચંદ

લેખક:—આચાર્ય વિજયકલ્યાણસૂરિ

( ગતાંક:— પૃષ્ઠ ૨૦૯ થી અનુસંધાન )

કેટલાક દરબારીઓના મોંમાંથી અચાનક "ધન્ય" છે; એવા ઉદ્ગાર નીકળી પડયા અને કેટલાક "હાં" 'હાં' એમ ન કહો, એમ ન કહો, એવાં પ્રત્યવાદ કરનારાં વાકયો કહેવા લાગ્યા. ચંદ અત્યંત શાન્તિથી પોતાના આસન ઉપર પાછો સ્થિત થયો. રાણાને હવે કાંઇ પણ ઉપાય બાકી રહેલો ન લાગ્યો તેણે કમલાવતી સાથેનાં પોતાના લગ્નનું માગું સ્વીકાર્યું.

થોડાક દીન વીત્યા બાદ રાજાનું લગ્ન ધામધૂમ સાથે થયું. અને કાળાન્તરે એક પુત્ર પણ થયો નવી રાણીના એ પુત્રનું નામ "ગોકળ" રાખવામાં આવ્યું. પુન: રાજાને પોતાનો પ્રથમ નિશ્ચય સ્ફુરી આવ્યો. રાજ્યગાદી પુત્રને સોંપી, હવે તો તીર્થાટનમાટે નીકળી પડવું જોઇએ એવો તેણે વિચાર કર્યો. જ્યેષ્ઠ પુત્ર ચંદે પોતાનો રાજ્ય ઉપરનો હક્ક, લગ્ન પહેલાં જ છોડી દીધો હતો. અને નવી રાણીનો પુત્ર હજી નાનો હતો. એટલે ગાદી કોને આપવી; એ પ્રશ્નનું નીરાકરણ કરવા, રાણાએ એકવાર ફરીથી ચંદને પોતાની સમીપ બોલાવ્યો અને કહ્યું; "પ્રિય પુત્ર! હવે રાજ્યકારભાર તને સોંપી હું તિર્થયાત્રા કરવા જવા ધારૂં છું. રાજ્યને બરોબર સંભાળીને અને પ્રજાને હમેશાં સંતોષ મળે તેવાં કાર્યો કરજે. તારા નાનાભાઈ ગોકળને રાજ્યનો કયો અને કેટલો ભાગ આપવો, એ પણ મારા જતા પહેલાં મને જણાવ કે જેથી હું તેની વ્યવસ્થા કરતો જાઉં." ચંદે ઉત્તર આપ્યો કે "પિતાજી"! આપને કાંઇક વિસ્મૃતિ થઈ હોય એમ મને ભાસે છે. મેં તો પ્રથમથી જ રાજ્ય ઉપરનો મારો હક્ક ભરદરબાર વચ્ચે તજી દીધો છે. વચન તો એક વખત નીકળે આપ જેવો મહા પ્રતાપી ક્ષત્રિયકુલદીપક નૃપને ત્યાં જન્મ ધારણ કરી મારાથી કદાપિ કાળે વચન ભ્રષ્ટ થવાશે નહીં. જો આપ એવી આજ્ઞા કરતા હો કે વચનભ્રષ્ટ કરીને પણ તું રાજ્ય લે તો કૃપાનિધાન! પહેલાં તો લ્યો આ મારી સમશેર અને તેનાથી ઉડાવી દો મારૂં શીષ કે જેથી મારે તેવી કપરી આજ્ઞા પાળવાનો પ્રસંગ ન આવે. હું રાજ્યગાદી નહી ભોગવું; તેથી આપે લેશ પણ ખેદ આપના મનમાં ધરવાની જરૂર નથી. લઘુ ભ્રાતા ગોકળ આગળ જતાં દરેક રીતે યોગ્ય થઇ પડે એવો જ

છે. માટે સુખેથી તેને રાજ્ય અર્પો અને પછી આપ નિશ્ચિંત ચિત્તે પરમાત્માની ભક્તિમાં તલ્લીન થઇ તીર્થયાત્રા એ વિચરો.”

રાજાએ ચંદને પુનઃ વિચાર કરી જોવાનું કહ્યું પણ વ્યર્થ. ચંદ દૃઢ આગ્રહી અને નીતિમાન્ હતો. રાજ્યસુખની લાલસાને તેણે સહર્ષ ‘ઠોકરે મારી’ હતી. **વચન, નીતિ, અને ધર્મ** આગળ તે **સુખવૈભવની વસ્તુઓને** તુચ્છ લેખતો હતો. છેવટે રાજાએ ગોકળને રાજ્ય આપ્યું પણ તે બાળક હોવાથી રાજ્યનો તમામ કારભાર રાજાએ ચંદના હાથમાં સોંપ્યો અને આજ્ઞા કરી કે–“**ચંદ અથવા તેના વંશજની સહી પ્રત્યેક રાજ્ય-આજ્ઞા ઉપર અવશ્ય હોવી જોઇએ.** તે સિવાયની રાજ્ય આજ્ઞાનો પ્રજાએ સ્વીકાર કરવો નહી” ચંદને રાણાએ તેમજ બીજા આગેવાન રાજદ્વારીઓએ આ પદ સ્વીકારવાનો આગ્રહ કર્યો અને ગોકળ મોટો થાય, તે પછી ચંદને જવું હોય તો ભલે તેણે જવું એમ જણાવ્યું. સર્વનો આગ્રહ જોઇ તેમજ એથી **ધર્મ, નીતિ** તથા **પોતાની પ્રતિજ્ઞાનો** ભંગ ન થતો હોવાથી ચંદે આ પદ સ્વીકાર્યું.

ચંદે હોંશિયારી અને ચાલાકીથી રાજ્યવહીવટ શરૂ કર્યો. સર્વ પ્રજા ચંદને પિતાતુલ્ય માનવા લાગી, તેની નીતિમાન્ અને ધર્મિષ્ઠ વૃત્તિથી પ્રજાજનનાં મન સંતુષ્ટ થયાં અને ચતુર્દિશામાં તેની કીર્તિ પ્રસરી રહી. આટલું છતાં ચંદ નિરભિમાની અને વિનયી રહ્યો હતો. મદ અને અહંભાવ તેને સ્પર્શ કરી શકયા ન હતા. રાજ્યનો સ્વામિતો તે ગોકળને જ લેખતો, અને તે પોતાનાથી નાનો છતાં તેને રાજ્યપતિને યોગ્ય સર્વ માન આપતો તથા પોતે જાણે તેનો સેવક હોય તેમ વર્તતો. ગોકળની માતા કમળાવતી પ્રતિ પણ તેનો પૂજ્યભાવ હતો. તે સદા તેની આજ્ઞામાં રહેતો- આવી રીતે નીતિથી પોતાના પિતાનું રાજ્ય ચાલુ રાખી, પિતાને આપેલું વચન તેણે યથાર્થ પાળ્યું. **ધન્ય છે એવા નીતિમાન્ ધર્મવીર પુરૂષને! પૂર્વે ભારતવર્ષની જે ઉચ્ચ સ્થિતિ હતી, તે આવા જ વીરરત્નોને યોગે હતી. આવાજ વીર પુરૂષોના સદ્ગુણો જન સમુહમાં પ્રવેશતા અને તેથી ભારત પ્રજા નીતિમતી અને ધર્મિષ્ઠા હતી.** તે વખતની પ્રજા અનુપમ સુખશાન્તિ અનુભવતી હતી, એવું આપણે જે કાંઈ શ્રવણ કરીએ છીએ, અને વાંચીએ છીએ તે સર્વદા સત્ય જ છે. ચંદ જેવા નરો, પૂર્વકાળમાં ભારતદેશમાં સમયે સમયે અનેકાનેક થઈ ગયા છે અને તેવા પુરૂષોથી વાસિત થયેલો દેશ સુખ સંતોષી હોય તેમાં આશ્ચર્ય શું! **જે સ્થલે નીતિનો વાસ છે. જ્યાં શુભ ધર્મનું સ્થાન છે ત્યાં અહર્નિશ જય જ છે.** ત્યાં મહા પુરૂષોની કૃપા સદાયે વરસ્યા જ કરે છે.

પરંતુ જગતમાં એવો એક નિયમ પ્રવર્તે છે કે એક જ પ્રથા સદૈવ ચાલુ રહેતી નથી. એવી જ રીતે કોઇ પણ

વસ્તુની સ્થિતિ કદાપિ એકજ પ્રકારની રહેતી નથી. કોઈ પણ સ્થિતિનું ક્યારે રૂપાન્તર થશે. અમુક સ્થિતિ ક્યારે પરિવર્તન અનુભવશે, અમુક ઘટનામાં ક્યારે ફેરફાર થશે એ આપણે જાણી શકતા નથી, પરંતુ તેનું રૂપાન્તર અવશ્ય થશે, એ તો આપણે જાણીએ જ છીએ.

ચંદનો આવો ઉજ્વલ-યશસ્વી અમલ ચાલુ હતો, તેવામાં **એક દિવસ અચાનક તીર્થયાત્રાએ ગયેલા વૃદ્ધ રાણાના મૃત્યુના સમાચાર મળ્યા. જ્યાં સુધી રાણો જીવિત હતો ત્યાં સુધી તો ચંદના કોઈ પણ કાર્યમાં કોઈએ વાંધો ઉઠાવ્યો નહી.** કહો કે કોઈ વાંધો ઉઠાવનાર હતું જ નહી. અને વાંધો ઉઠાવવા જેવું કશું પણ ન હતું. કારણ રાજ્ય દરબારીઓ, ભાયાતો અને પ્રજા-એ સર્વ તેનાં અમલથી સંતુષ્ટ હતાં; પણ હવે સમય બદલાયો. **રાણાના મૃત્યુ પછી આંખની શરમરૂપ પડલ દૂર થતાં ઈર્ષ્યારૂપ શત્રુગણ બ્હાર આવ્યો.**

રાણાનો સસરો રણમલ્લ અને તેનો પુત્ર જોધસિંહ, રાણાનું રાજ્ય કેવે પ્રકારે પોતાને મળે, તેની યુક્તિઓ રચવા લાગ્યા. પિતા અને પુત્ર બન્ને જણા અતિ લોભી હતા. અને એ લોભને ખાતર તેઓએ કમલાવતીને આવા વૃદ્ધ-કહો કે જીવનને કિનારે પહોંચેલા લાખા-રાણા સાથે પરણાવી હતી, એ નિ:સંદેહ હતું.

લગ્ન પૂર્વે ચંદે, રાજ્ય ઉપરનો પોતાનો અધિકાર વિસર્જન કર્યાનો વૃત્તાંત તેઓ જાણતા હતા. ગોકળને ગાદી ઉપર બેસાડી, ચંદ રાજ્ય વ્યવસ્થા ચલાવતો હતો તેની તેમને ખબર હતી. ચંદની દીર્ઘદૃષ્ટી, તેની નીતિ અને શૌર્યથી તેઓ માહિત હતા. પ્રજા ચંદને ચાહે છે એ બીના પણ તેમના લક્ષ બ્હાર ન હતી. આમ છતાં પણ "જેમ ધૂર્ત્ત મનુષ્ય સર્વને ધૂર્ત્ત જ દેખે છે" તેમ આ બન્ને લોભી પિતા-પુત્રને ચંદ પ્રપંચ રમે છે એમ લાગ્યું.

અપૂર્ણ

# સરસ્વતી ગુણસ્તુતિ.

લે૦ **મુનિ દુર્લભવિજયજી મહારાજ.**

સુણ સુણ સરસ્વતી ભગવતી, તાહરી જગ વિખ્યાત
કવિજનની કીર્તિ વધે, તીમ તુમે કરજો માત. ૧

તુજને સહુ સમરે સદા, તાહરા ગુણ અપાર;
તુજ વિણ શીવ પદ નવી લહે, ભટકે સવિ સંસાર ૨

જેહને સરસ્વતી સહાય છે, તેહ કવી કહેવાય;
તુમ પસાય છંદ સ્તવન રચ્યું, પૂર્ણ કરજો માય. ૩

હંસ વાહની સરસ્વતી, થાજો માત પ્રસન્ન;
ભલા ભાવ મુજને દીયો, દેજો સરસ વચન. ૪

ગુરૂ માતા ગુરૂ પીતા, જ્ઞાન દીયો મહારાજ,
આપ પુન્ય પસાયથી, સફલ હોય મુજ કાજ. ૫

# "પર્વાધિરાજની-આરાધના"

લેખકઃ—મુનિરાજશ્રી-લક્ષ્મીસાગરજી મહારાજ. પ્રાંતિજ.

જગતમાત્રના પ્રાણીઓ સુખની અભિલાષા સેવતા હોય છે. તેની શોધ માટે અહર્નિશ પ્રયત્ન પણ કરતા હોય છે. પ્રયત્નથી કાંઇક સુખ મલે છે ખરૂં પણ તે સુખ દુઃખથી ભરેલું હોય છે. સુખ ગમે છે, દુઃખ ગમતું નથી. સુખ સદા ધર્મથી મળે છે. જગત વિચિત્ર છે, ધર્મના ફળને (પુણ્યને) ઇચ્છે છે અને પાપના ફળને (દુઃખ) કોઇ ઈચ્છતું નથી. ધર્મ કોઈ કરતું નથી, પણ કરે છે પેટ ભરીને પાપ, તેથી મળે છે, દુઃખ, આ વિચિત્રતા જોઇને જ્ઞાની પુરૂષોએ સુખ મેળવવાનાં અનેક સાધનો બતાવ્યાં છે, ઉત્સવ પ્રિય જનોને ઉત્સવોમાં પણ પુણ્યની પ્રાપ્તિ બતાવી છે. ત્યારે સંસારમાં ઉજવાતાં બીજાં પર્વોમાં સંસારની વાસના હોય છે. તે વાસનાથી જન્મો જન્મમાં દુઃખ મળે છે. ત્યારે જૈન પર્વોમાં સર્વોત્તમ પર્યુષણ પર્વ ધર્મમય છે. તેમાં વિવિધ સાધનોનો સુમેળ હોય છે. તે પર્વમાં યત્કિંચિત તપ, જપ, સંયમની આદરપૂર્વક આરાધનાથી મોક્ષની યોગ્યતા મળે છે. કલ્પવૃક્ષ સમાન કલ્પસૂત્રને એકાગ્રચિતથી એકવીશવાર જો કોઇ વિધિ પૂર્વક સાંભળે તેનો સંસાર અલ્પ થઈ જાય છે. ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થતાં મોક્ષ મેળવે છે. એ સર્વ શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક હોવું જોઈએ. મન સંયમકેળવી, બ્રહ્મચર્ય ધારણ કરી, સર્વ જીવોને પોતાના સમાન માની થયેલી ભૂલોની ક્ષમા યાચવી અને આપવી. ધર્મબંધુઓને યથાશક્તિ દાન આપી સન્માનવી જોઇએ. વર્ષભરમાં એકજ વાર અનુષ્ઠાન કરાય તો આત્મા સન્માર્ગ ગામી બની સાચો માનવ બને છે, માનવતામાં દેવના દર્શન કરે છે તે ખરેખર માનવદેવ બને છે. **પર્વાધિરાજની આરાધના** જિંદગીમાં એકજવાર શ્રેષ્ઠ ભાવે બને તો જીવન ધન્યતમ બને છે. અહિંસા, સત્ય, અસ્તેય (ચોરીત્યાગ) બ્રહ્મચર્ય પાલન અને અપરિગ્રહ ભાવ એ પંચ મહામૂલા રત્નોની પ્રાપ્તિ, તીર્થંકરદેવોના ચરિત્રો, મહાનુભાવ મહાત્માઓનાં જીવન પ્રસંગો, તેમણે આચરેલા શુદ્ધ આચરણો જીવનમાં પ્રાપ્ત થાય તો જિંદગીનો ફેરો સફળ થાય છે. વારંવાર માનવજન્મ મળતો નથી. જેને મળ્યો છે. તેણે શ્રેષ્ઠ ગુણો મેળવી સફળ બનાવવો જોઇએ. ક્ષમાપના, જીવદયાનું પાલન, સાધર્મિકવાત્સલ્ય વિગેરે સાધનો પૂર્વક આપણે સૌ આરાધીએ **પર્વાધિરાજ પર્યુષણપર્વને.**

# પર્યુષણ પર્વ આજે છે !

લેખકઃ—કવિરાજ બાલચંદ્ર એમ. પંડિત.

અરે ! ઓ જૈનીઓ પ્યારા ! સૂતા શું સોડ તાણીને ?
હવે તો નિંદને ત્યાગો— પર્યુષણ પર્વ આજે છે ! ૧

હતી લક્ષ્મિ હતી કીર્તિ, હતાં રાજ્યો—અમાત્યો સહુ;
ગુમાવ્યું હા ! બધું જાગો ! પર્યુષણ પર્વ આજે છે ! ૨

કરી કુસંપને ઝગડા— બનાવ્યા કૈંકને 'તગડા'
હવે છોડો બધા 'રગડા'— પર્યુષણ પર્વ આજે છે ! ૩

ઘણા ખાધા તમે ખત્તા, ગુમાવી ગાંઠની મત્તા;
છતાં કેમ 'અહમ્' ના તજતા ? પર્યુષણ પર્વ આજે છે ! ૪

નીતિને ન્યાય સૌ છોડી, દીઓ કાં પ્રેમને તોડી ?
પ્રભુમાં ચિત્ત દ્યો જોડી, પર્યુષણ પર્વ આજે છે ! ૫

વ્યસન વિકાર સૌ છોડી, હૃદય ગુરૂ ચરણમાં જોડી;
હવે ચેતો ! મુડી થોડી, પર્યુષણ પર્વ આજે છે ? ૬

ધરો દીલમાં દયા પ્રેમે, જીવો સરખા સહુ જાણો;
કરો તપ ત્યાગ બહુ હેતે, પર્યુષણ પર્વ આજે છે ! ૭

જગત સૌ સ્વાર્થમાં ચકચૂર ! નથી કોઇ આપણું પ્યારા !
હવે જાગી જરા જુવો— પર્યુષણ પર્વ આજે છે ! ૮

ગયા વિતરાગ જે માર્ગે, જવાનું ત્યાં તમે ધારો;
વિચારો 'વીરની વાણી' પર્યુષણ પર્વ આજે છે ! ૯

આઝાદી આત્મની લેવા, જન્મનાં દુઃખ પરહરવા—
ઝુકાવો જંગમાં મારો, પર્યુષણ પર્વ આજે છે ! ૧૦

ગયા લાખ્ખો બધું છોડી, ન આવી સાથમાં કોડી;
ઉઠો ! સૌ મોહને તોડી— પર્યુષણ પર્વ આજે છે ! ૧૧

કહોને કયાં થકી આવ્યા ? અને કયાં છો જવાને તે ?
વિચારો ને હવે યારો ! પર્યુષણ પર્વ આજે છે ! ૧૨

ધરો હિંમત-કરો કિંમત, જગતમાં સત્ય શું છે તે ?
નમાલા ના થશો બાપુ ! પર્યુષણ પર્વ આજે છે ! ૧૩

કુડા છે કામને ક્રોધો, બૂરા છે લોભને મોહો;
છતાં યે કેમ ના ત્યાગો! પર્યુષણ પર્વ આજે છે! ૧૪
તમે જૈનો બન્યા પ્રેમે, કરો વૃત્ત-નેમ ને પૂજા-
છતાં 'અરિહંત' ના બુઝમાં; પર્યુષણ પર્વ આજે છે! ૧૫
ઉઠો! જાગો!! સહુ વીરો! બજાવો જૈન ધર્મનું બ્યુગલ!
ગજાવો ચોક આલમનો-- પર્યુષણ પર્વ આજે છે! ૧૬
સૂપાત્રે દાન સૌ કરજો-- રૂડું બ્રહ્મચર્ય પ્રિતે ધરજો!
હૃદયને શુદ્ધ તો કરજો! પર્યુષણ પર્વ આજે છે! ૧૭
ખમું છું ને ખમાવું છું, તમે સૌ ખામશો પ્યારા!
જીવન-સરવાયું તપાસોને-- પર્યુષણ પર્વ આજે છે! ૧૮

# ત્રણવસ્તુનો અજબ ચમત્કાર!

[ લેખકઃ—કવિરાજ બાલચંદ્ર પંડિત. ]

(૧) માણસને ત્રણ વસ્તુ પાયમાલ કરે છેઃ- કુડ, કરજ ને કુવિચાર.

(૨) દુનિયામાં ત્રણ જણા હંમેશાં હાડમાર થાય છેઃ-કજીયાખોર, નિંદાખોર અને હરામખોર.

(૩) કામી ત્રણ વસ્તુથી પાયમાલ થાય છેઃ- લક્ષ્મી, પ્રાણ ને કીર્તિ.

(૪) ત્રણ વસ્તુ ત્રણને ન હોયઃ- લોભીને લાજ, કામાતુરને ભય અને ગરજવાનને અક્કલ.

(૫) જગતમાં જીવતા છતાં મુએલા ત્રણ છેઃ- કંજુસ, કુકર્મો ને કીર્તિવીનાનો.

(૬) ત્રણની પરીક્ષા ત્રણથી જ થાયઃ- અગ્નિથી સોનાની, સોનાથી સ્ત્રીની અને સ્ત્રીથી પુરુષની.

(૭) મદ એટલે અભિમાન ઉત્પન્ન કરનાર ત્રણ છેઃ- ધન, અમલ ને વિદ્યા.

(૮) જૈનધર્મના મુખ્ય પ્રકાર ત્રણ છેઃ- તપ, ત્યાગ અને અહિંસા.

(૯) ત્રણ વીનાની માણસાઇ નકામી છેઃ- લાજ, લાગણી અને દયા. કારણ કે જેને લાજ નથી તે સુધરતો નથી, લાગણી નથી તે પાપી છે અને દયા નથી તે દૈત્ય અર્થાત્ રાક્ષસ છે.

(૧૦) સંગ્રહ કરવા લાયક ત્રણ છેઃ- આરોગ્ય, આબરૂ અને અક્કલ.

(૧૧) વિવેકના સ્થંભ ત્રણ છેઃ- નમ્રતા, નિખાલસતો અને મધુર વાણી.

(૧૨) ત્રણને કબજામાં રાખનારા જ સાચા સંત છેઃ- જીભ, આંખ અને મન.

(૧૩) ત્રણ વિના શોભે નહિઃ- વિદ્યા વિનાનો બ્રાહ્મણ, ન્યાય વિનાનો રાજા અને ચારિત્ર્યવિનાનું શરીર.

(૧૪) દુનિયામાં પ્રિય લાગનારાં ત્રણ છેઃ- પારકું ધન હરણ કરવામાં પાંગળો, પરસ્ત્રીને કુદ્રષ્ટિએ જોવામાં આંધળો અને પારકી નિંદા કરવામાં મુંગો.

(૧૫) ત્રણ વસ્તુ મેળવ્યા વીના જીંદગી વ્યર્થ જાય છેઃ- બાળપણમાં સદ્‌વિદ્યા, જુવાનીમાં સન્માર્ગે ધન અને ઘડપણમાં સદ્‌ધર્મ-અર્થાત્ વિતરાગ પ્રભુનો પ્રબોધેલો એવો ઉત્તમોત્તમ જૈન ધર્મ.

# એ પણ એક ગમાર !!

[ લેખક:—બાલચંદ એમ. પંડિત. ]

નીર અપરાધી જીવનો, શોખે કરે શીકાર—
ત્રાસ નહિ કર્મ રાજનો એ પણ એક ગમાર — ૧
ખુશ હાલ બદલી ગયા, ને સુખ પામ્યો સંસાર—
દીન દુઃખીયાં વીસરી ગયો, એ પણ એક ગમાર— ૨
કાજ નહિ ઉત્તમ કરે, અતિ રાખે અહંકાર—
કહ્યું કરે ન ગુરૂજન તણું એ પણ એક ગમાર— ૩
ભેંસ ગાયને ભાવથી આપે નહિ આહાર—
દુધ જ ખાયે ડાહ્યલો એ પણ એક ગમાર— ૪
મનુષ્યદેહ મલીઆ પછી જે ન ભજે વીતરાગ—
મારૂં તારૂં છોડે નહિ, એ પણ એક ગમાર— ૫
મસ્ત બને બહુ માનવી, સંગ દારૂને દીલદાર,
જીવ હીંસામાં પરવશ બને, એ પણ એક ગમાર— ૬
ઘર લુંટે અબળા હરે, ત્યાં ન લીએ તલવાર,
જ્ઞાન તણી વાતો કરે, એ પણ એક ગમાર— ૭
શાસ્ત્ર પુરાણો સામટાં, આપે ભણ્યો અપાર,
વાદ કરે વિદ્વાન થઇ, એ પણ એક ગમાર— ૮
પૂર્વ કર્મોની મહેરથી અંગ મલ્યો અધિકાર,
રંકોને રોળે બહુ, એ પણ એક ગમાર— ૯
ન્યાયાસન બેઠા પછી, ન્યાય તણા કરનાર
કરે પક્ષ જો કોઈનો એ પણ એક ગમાર— ૧૦
દાન આપે કોઈ રંકને, તેને ના કહેનાર—
ધર્મ કર્મ કરતો નહિ, એ પણ એક ગમાર— ૧૧
દયા દીલમાં રાખે નહિ, ને પાપે ભરે ભંડાર
માયામાં ચકચૂર રહે, એ પણ એક ગમાર— ૧૨
કયાંથી આવ્યા આપણે, ને કયાં છીએ સંચરનાર ?
એ સત્ય કદી શોધે નહિ, એ પણ એક ગમાર— ૧૩
ઉપરકીતો અચ્છી બની, પણ માંહી વિષ્ટા તણા ભંડાર
છતાં ચામડાં ચુંથતો, એ પણ એક ગમાર— ૧૪
તિર્થંકરો જે માર્ગે ગયા, ત્યાં જ સદા કલ્યાણ—
મોક્ષ માર્ગ પકડે નહિ, એ પણ એક ગમાર— ૧૫

# પ...ત્ર...પે...ટી.

## શાસનપ્રેમી ભાઈઓને સવેળાની ચેતવણી

## નં. ૨

ચેતવણી નં. ૧ આપ્યા પછી શેઠ કસ્તુરભાઈએ જે નિવેદન બહાર પાડયું છે તે અવળે રસ્તે દોરનાર ન થાય માટે આ બીજી ચેતવણી આપી છે.

૧. તેઓએ જણાવેલા મુસદ્દાથીજ સ્પષ્ટ છે કે પુનાના ડોકટરવૈદ્યે તિથિ સંબંધી નિર્ણય લખી શેઠ કસ્તુરભાઇ દ્વારાએ બન્નેને મોકલી આપવો. જો તેમ થયું હોત તો બોલવાનું રહેતજ નહિ. પરંતુ વૈદ્યનું લખાણ તા. ૬ ઠ્ઠી જુલાઈએ રજીષ્ટરથી આવે છે જે અયોગ્ય વિધિવાળું હોવાથી પાછું મોકલાયું છે, જ્યારે પુનાના રહીશ શા. મોહનલાલ જે નવા પંથના છે, તેને તે પહેલાં મળે છે અને તે મોહનલાલ પેપર અને તાર દ્વારાએ પોતાના ફેવરના ચુકાદાના સમાચાર ફેલાવે છે. એ ઉપરથી સ્પષ્ટપણે વૈદ્યની તટસ્થતા નથી રહી એમ નક્કી થાય છે. અને તેથીજ વૈદ્યનું લખાણ શેઠને તા. ૧૪ મીએ તારથી અમાન્ય જણાવી તા. ૨૦ મીએ ખુલાસા અને ચર્ચા સિવાય ન લેવા જણાવ્યું હતું, છતાં તે સિધી વાત શેઠ કસ્તુરભાઇએ માની નહિ.

૨. જ્યારે પેપરમાં મોકલ્યાના તરફેણદારીના સમાચારો આવ્યા ત્યારે શેઠ કસ્તુરભાઇને તે બાબત જણાવતાં અખબાર પર ભરોસો ન રાખવો એમ જણાવીને વસ્તુની ઉપેક્ષા કરી પણ તેનો વૈદ્ય પાસેથી ખુલાસો લીધો નહિ અને તેનું સમાધાન જણાવ્યું નહિ.

૩. તારથી વૈદ્યને તે મોહનલાલના પ્રચાર બાબત પુછાવ્યું કે શેઠની જાણ બહાર પુનાના શેઠ મોહનલાલથી આ પ્રચાર કેમ થયો ? ત્યારે તેના જવાબમાં વૈદ્યે શેઠને પૂછવાનું જણાવ્યું, અને તે બન્ને તારો શેઠને મોકલ્યા ત્યારે તેમાં અણુજુગતું નથી એમ શેઠે જણાવ્યું. અર્થાત્ તેનું પણ સમાધાન કર્યું નહિ. આ વસ્તુઓ વિચારવાથી દરેક સુજ્ઞને માલમ પડશે કે વિધિમાં વૈદ્યની તટસ્થતા રહી નથી અને તેથી તેઓના લખાણને પણ કોઇ ન્યાયપ્રિય મનુષ્ય ખુલાસા અને ચર્ચા સિવાય એમને એમ મંજુર કરી શકે નહિ.

વૈદ્યની તટસ્થતાના ભંગને માત્ર વિધિની વિપરીતતા ગણીને શેઠ તરફથી સ્હામા પક્ષના જુન માસના અખાર પછી લગભગ એક મહિને આવેલું લખાણનું રજીસ્ટર પાછું મોકલ્યું છે.

હવે એ નિવેદનમાં જણાવ્યા મુજબ લખાણ બહાર પડયું છે છતાં છપાઇ બહાર પડશે ત્યારે તેમાં વિષયની જે વિપરીતતા છે તે આગળ જાહેર કરવામાં

આવશે. અર્થાત્ તે લખાણુ બહાર પડયા માત્રથી કોઇએ પણ ભ્રમમાં પડવું નહિં.

**પરંતુ તેમાં આવેલી વિષયોની વિપરીતતા જાહેર થાય ત્યાં સુધી અભિપ્રાય બાંધતાં જરૂર થોભવું.**

તા. ક.–૧. વૈદ્યના બહાર આવેલા લખાણુમાં તા. ૩ જુન છે, સેવકપત્રમાં પાલીતાણાથી તા. ૧લી જુને, મુંબઇ સમાચારમાં અમદાવાદથી તા. ૧ જુને, વંદેમાતરમ્‌માં તા. ૬ જુને અને વીરશાસનમાં તા. ૧૧ મી જુને તે લખાણુ શેઠને મોકલ્યાના સમાચારો પ્રગટ થાય છે. અને તા. ૧૪ મી જુને તટસ્થતા તુટ્યાનો તાર અત્રેથી શેઠ ઉપર મૂકવામાં આવે છે અને શેઠ તે વૈદ્યનું લખાણુ વૈદ્યની સહી થયા પછી એક મહિના કરતાં પણુ વધારે મુદત એટલે તા. ૫ મી જુલાઇએ અમદાવાથી બન્નેને રજીસ્ટરથી મોકલે છે. આ બધું વિચારનારો સુજ્ઞ વર્ગ તટસ્થની કાર્યવાહી ભરોંસા લાયક નથી રહી, એમ ચોક્કસ સમજી શકશે.

૨ શેઠ ઉપર જે લખાણુ મુદત પ્રમાણે પાલીતાણાથી તા. ૫–૧–૪૩ ના રજીસ્ટરથી ગયું હતું તેને માટે તે લખાણુમાં જણાવેલ 'પ્રેષિત' શબ્દ અને લખાણુની મુદત ઓળંગીને તા. ૬–૧–૪૩ ના દિવસે પાલીતાણાથી માણુસ મોકલી તા. ૭–૧–૪૩ ના દિવસે કસ્તુરભાઇને હાથોહાથ મોકલાયું તેને માટે વપરાયલા 'પ્રદત્ત' શબ્દ શું લેખમાં એક પક્ષનો હાથ સ્પષ્ટ નથી કરતો? અને જો એમ હોય તો તે લખાણુ સ્વતંત્ર લખાણુ વૈદ્યનું નહિં, પરંતુ નવીન પંથના હસ્તક્ષેપવાળુંજ ગણાય અને તેથી તે લખાણુની વિપરીતતા રામવૈદ્ય કે નવા પંથના નામે જાહેર થાય તો પણુ અયોગ્ય નહિં ગણાય.

કપડવંજ તા. ૧૧–૮–૪૩

**આનંદસાગરના ધર્મલાભ વાંચવા**

# પ.પૂ. ડેલાવાળા આ.શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી મ.નો પયગામ!

## "તિથિચર્ચાનો ફેંસલો બહાર પાડશે જ નહિં!"

## "એ લુલા ફેંસલાને શાસનપક્ષ આદર આપશે જ નહિં!"

**પ. પૂ. આર્યદેવશ્રીની આજ્ઞાથી**—લે. મુનિશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ

શ્રીયુત શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઇએ તિથિચર્ચાનો નિર્ણય લાવીને સમાજમાં એકીકરણુ સ્થાપવા ઘણો જ પ્રશંસનીય પ્રયાસ કર્યો હતો. શેઠશ્રી ઘણા સાવધાન રહ્યા હશે છતાં પણુ "શાહુકારની એક નજર અને ચોરની હજાર" એ ન્યાયે પ્રપંચોમાં કુશળ એવી કેટલીક વ્યક્તિઓએ લવાદની તટસ્થતા તોડ્યાના અનેક કારણો પ્રસિદ્ધ થઈ ચુકયા છે.

એ બાબત અમારી જાણુ મુજબ શેઠશ્રી ઉપર ઘણાઓ તરફથી સૂચનાઓ પણુ થઇ છે કે–આ બાબત તપાસ કરો. આથી મનાય છે કે–શેઠશ્રી, એ વિષે તપાસ કરવાની ફરજમાં જ હશે; કારણુ

કે એ સવાલ સમાજભરનો હોવાથી એ આવશ્યક માગણીની કોઈપણ સજ્જનથી ઉપેક્ષા થઈ શકે તેમ નથી.

એવા સંયોગોમાં હમણાં એવો પ્રચાર થઈ રહ્યો છે કે-"આવેલ ફેંસલાનું શેઠશ્રી કસ્તુરભાઈ તરફથી પણ બહોળા પ્રમાણમાં ભાષાંતર વિગેરે થઈ રહેલું છે અને તે થોડા વખતમાં શેઠશ્રી પોતે પણ બહાર પાડવાના છે !" આ બીના જો સત્ય જ હોય તો શેઠશ્રીની બુદ્ધિમત્તા ઉપર વિશ્વાસ ધરાવનારાઓને ખરેખર આશ્ચર્યરૂપ જ લેખાય તેમ છે. લુલો ગણાએલો ફેંસલો સાફ કરાવવાના પ્રયાસો કરવાની ફરજ બજાવ્યા અગાઉ શેઠશ્રી પોતે જ એવા ફેંસલાને બહાર પાડે તે અવિધિસર અને અનુચિત જ ગણાતી વાત અમોને માનવામાં આવતી નથી.

વળી અમારી જાણ મુજબ શેઠશ્રીએ તો લવાદનો નિર્ણય ચર્ચામાં જોડાએલા છેવટના બે જ આચાર્યોને બે જ નકલથી પહોંચાડવામાં જ ઇતિકર્ત્તવ્યતા માનવી રહેતી હોવાને અંગે એ લુલા પણ નિર્ણયની ભાષાંતરો આદિ દ્વારા શેઠશ્રી જેવા મધ્યસ્થ પોતે જ બહોળી નકલો છપાવવાવડે એ નવા તિથિમતને વેગ આપવા જેવું કરે, એ તદ્દન જ અસંભવિત લાગે કારણકે મધ્યસ્થતું એ કર્ત્તવ્ય નથી. અને તેથી શેઠશ્રી જેવા પ્રમાણિક શ્રાવક તેવું પગલું ન ભરે.

સમષ્ટિગત રીતિએ અમારું મજબૂત માનવું છે કે-આવા જોખમદાર પ્રસંગે કોઈપણ પક્ષકારનું હૃદય જ્યારે અન્યાયની શંકાવાળું હોય, અને તેને લીધે તેઓ શરત મુજબના નિર્ણયનું પાલન કરવા-નિર્ણય બહાર પડ્યા અગાઉ જ લવાદની તટસ્થતા તૂટવાના મજબૂત કારણો દર્શાવતા હોય ત્યારે કોઇ પણ મધ્યસ્થની પહેલી તકે ફરજ છે કે-તટસ્થની તટસ્થતા કોણે તોડી ? શા માટે તોડી ? કેવી રીતે તોડી ? વિગેરે વાતોની માગણીની મજબૂત તપાસ કરીને તેવું કરનારાઓને સમાજ સમક્ષ જાહેર કરવા જાઇએ. અને તેવાઓએ ગોટાળો કરાવેલા નિર્ણયને પ્રમાણિકપણે ફેર તપાસ કરાવીને પ્રથમ તો સાફ કરાવવો જોઇએ. આ પછી એવો સાફ બનેલો નિર્ણય અધિકાર વિનાના માણસોદ્વારા પણ સેંકડો નકલોદ્વારા જાહેર થાય તો પણ સુજ્ઞ વર્ગને એ સામે કશુંય બોલવાનું રહે નહિ. એ સિવાય બે નકલ જ જાહેર કરવાના અધિકારવાળા મધ્યસ્થથી બે પક્ષકાર આચાર્યોને માત્ર બે નકલ મોકલી દેવી તે જવાબદારી અને જોખમદારી સમજ્યા વિનાનું ઉતાવળીયું પગલું જ લેખાય. એમ અમારૂં માનવું છે.

એમ ન લેખાય એટલા માટે એવા લુલા ગણાતા નિર્ણયના 'બીજા પ્રમાણિક શિરપંચોની સાથે 'ચર્ચાના નાયક આચાર્ય શ્રી પાસે' લવાદને હાજર કરીને મોભાદાર અગ્રગણ્ય જૈન ગૃહસ્થોની સન્મુખ ફરીથી લેખિત તેમજ મૌખિક ચર્ચા કરાવીને સર્વ જૈન સમાજને માન્ય થાય એવી રીતે શાસ્ત્ર અને પરંપરાને તલસ્પર્શી એવો ન્યાયપુરસ્સર ફેંસલો લાવવા માટે જ સર્વ કોઈ પ્રયાસો કરવામાં સમાજહિતેચ્છુ કોઈ પણ મધ્યસ્થે યોજાઈ

જવું જોઈએ. અને તેમ કરતાં લુલો ફેંસલો ચલાવી લેવાને અંગે થતી સખ્તાઇને તિલાંજલિ જ આપવી જોઇએ; કારણ કે આવા જોખમદાર ફેંસલાઓ બે ચાર વ્યક્તિઓને જ અવલંબતો નથી ! એ તો સારા ય સમાજનો સવાલ હોય છે, અને છે.

કોઇપણ મધ્યસ્થની મધ્યસ્થતા એવી પ્રમાણિક રીતિએ વર્તવાથી જ જોખમાતી નથી. અને એથી જ કોઇપણ મધ્યસ્થો આવી કપરી રીતે ખુતેલ ગાડાં પ્રસંગે સમાજને ભ્રમમાં પાડનારા લુલા ફેંસલાઓની સમાજમાં અકાળે ફેંકાફેંક કરવાની ઉતાવળ કરતા નથી, એ રીતે 'શેઠ કસ્તુરભાઈ પણ ભૂલભૂલામણીમાં પડીને આ લુલા ગણાએલા ફેંસલાને બહાર પાડવા તૈયાર થયા હોય એ વાત સાચી જ હોય તો 'આ સ્થળે સમાજભરના હિતાર્થે પણ તેઓશ્રીને કહીએ છીએ કે-**એવી ઉતાવળ કરીને તિથિચર્ચાનો એ લુલો ફેંસલો બહાર પાડશો જ નહિ,** કારણકે તટસ્થની તટસ્થતા તૂટી હોવાના મજબૂત પૂરાવાઓ હોવાથી-સેંકડો વર્ષોથી શાસ્ત્ર અને પરંપરા અનુસારે વર્તતો **જૈન સમાજનો મોટો વર્ગ એ લુલા ફેંસલાને આદર આપશેજ નહિ.**

એટલું જ નહિ પણ અમોને પ્રાપ્ત થયેલ સમાચાર મુજબ એ ફેંસલાનો ઘણો ભાગ-'શાસ્ત્ર અને પરંપરાથી વિપરીત ચાલનારા વર્ગે બીનશાસ્ત્રીય રીતિએ જ રચીને લવાદદ્વારા 'સાચા નિર્ણય તરીકે' જાહેર કરાવવા કરેલ પ્રયાસના અંગભૂત હોવાથી તેનું પદ્ધતિસરનું ખંડન થયે આજે ઉતાવળે એ લુલો નિર્ણય બહાર પાડવા તૈયાર થઇ ગએલા કોઈપણ મહાનુભાવો પણ પક્ષકાર ગણાઇ જઇને સમાજને માટે અવિશ્વાસના ભાજન બની જવાનો ભય પણ હથેળીમાં જ છે. આ વસ્તુના ભોગ જાણે અજાણે પણ કોઈ ન બની જાય એ લાગણી માટે અમો એ સામે આ મજબૂત લાલ બત્તી ધરીએ છીએ, કારણ કે જૈન જેવા લોકોત્તર સમાજને માથે યેન કેન પ્રકારેણ લદાવા તૈયાર થએલા સમર્થ તરફનાં પણ લુખ્ખાં લખાણોને જૈનત્વ ધરાવનારા જૈનોએ જેમ કદિયે સાંખ્યા નથી, તેમ આજે પણ એવા પુણ્યવાનો હરગીજ સાંખશે નહિ, અને એ વ્યાજબી જ હશે.

શેઠશ્રીએ પણ જે ધૈર્યતાથી અત્યાર સુધી કાર્ય લીધું છે તેથી વધુ ધીરજ અને કુશળતાથી ફેર કામ લઈને એ લુલો ફેંસલો, ઉપર દર્શાવેલા વિધિવડે સાફ કરી-કરાવીને પછી જ સમાજ સમક્ષ ધરવાની અમોએ આપવા ઇચ્છેલી આમ સલાહ પહેલી તકે વધાવી લેવી યોગ્ય લાગે છે. એમ બન્નેથી અમોને પરિણામની સુંદરતા જણાય છે. અને એથી જ આ અમારો પ્રયાસ છે.

સાચી સમાજશાન્તિને ચાહનારાં વિદ્વાન્ હૈયાંઓ પણ આ પળે એમ જ કહી રહ્યાં છે કે-"**શેઠશ્રીની કીર્તિને ઝાંખપ ન લાગે અને બંનેમાંથી એક પણ પક્ષને વિરોધનું કાંઈપણ કારણ ન રહે એવી રીતે-ફેર અનુ-**

**કૂળ સમય મેળવીને ઉક્તવિધિ અનુસાર ફેર તપાસ કરવાવડે શુદ્ધ ફેંસલાને જ જન્મ અપાવીને શેઠશ્રીએ સમાજના ખોળે પીરસવાના યશને વરવો જોઇએ".**

જો તેમ બનશે તો જ એ વિધિએ જન્મ પામેલ ફેંસલાનો સારાએ સમાજમાં ભવ્યતર જન્મોત્સવ ઉજવાશે, અને એવો જ ફેંસલો ચિરંજીવી બનશે.

માટે જ તેવો સુંદર સમય ન લવાય ત્યાં સુધી તે છડેચોક લુલા કરેલ ફેંસલાને ગર્ભમાં જ રાખવો અને તે દરમ્યાન સમાજના હિતાર્થે તેવો નક્કર ફેંસલો ઉત્પન્ન કરવાના શુભ પ્રયાસોમાં યોજાઈ જવું એ એક જ શાન્તિમાર્ગ અમોને સમજાય છે, જે અત્ર રજૂ કરેલ છે. આમ થવાથી જણાય છે કે—સમાજ ફરી ફરી ક્લેશના ઝંઝાવાતમાં અટવાશે નહિ અને વધુ છિન્નભિન્નતાનો કારમો ભોગ બનશે નહિં.

**તા. ક.** સાંભળ્યું છે કે—"શેઠશ્રી કસ્તુરભાઇ આ કાર્ય ન કરે તે પહેલાં તો સામો વર્ગ, ભદ્રિકજનોને ભૂલભૂલામણીમાં નાખીને પણ પોતાના મતમાં જોડવા એ લુલા ફેંસલાની હજારો નકલો છપાવીને દેશદેશાવરમાં "એ ખોટા ફેંસલાને સાચા નિર્ણય તરીકે" પ્રચારવા સજ્જ થયો છે ! પર્યુષણના પવિત્ર તહેવાર પ્રસંગે જ તેના લ્હાણાં કરીને સમાજના કોમળ હૈયાં કલુષિત કરવા સજ્જ થયો છે; એમ પણ સાંભળ્યું છે !!!"

જો આ સાચું જ હોય તો—તે વર્ગે સવેળા સમજી લેવું ઘટે છે કે—અન્ય પણ અનેક દર્શનકારોએ પરમ કલ્યાણકર શ્રી જૈનદર્શનને જ જૂઠું મનાવવા હજારો પુસ્તકોદ્વારા હજારો પ્રયાસો કર્યા છે છતાં જૈનદર્શન પરમ સત્ય સ્વરૂપે આજે પણ અઠંગપણે જ એ દરેકની સામે તમારા દેખતાં જ ત્રિકાલાબધિતપણે ઊભું છે !

તો ખોટાંને સાચું મનાવવા તમારા એકદેશીય અને એક હસ્તકના સેંકડો પ્રયાસોવડે ઉપજાવી કઢાતી એવી હજારો પત્રિકાઓ હજારો વાર અને હજારો ઠેકાણે ફેંકયે જ રાખો તેટલા માત્રથી શ્રી જૈનશાસનની સ્વપરકલ્યાણકારી કાળજૂની શાસ્ત્ર પ્રણાલિકાઓ તો શ્યે ઉખડી જશે ? શ્યે ખંડિત કરી શકશો ? અને શ્રી જિનેશ્વર ભગવંતના જીવંત શાસનમાં પણ શ્યે સ્વમત સ્થાપી શકશો ? માટે ભાઇઓ કુમત બચાવવા માટેની ધમાધમોના પાપથી સર્વ પ્રકારે બચવાના કાર્યમાં જ લાગી જાઓ ! તમારું પણ કલ્યાણ થાવ.

એ ભાઈઓએ હવે તો સમજી જ લેવું કે—આ નવા મતને સાચો મનાવવા માટે આગળ પણ સાત સાત વર્ષ પર્યંત તમોએ હજારો પત્રિકાઓ—ચોપડીઓ—છાપાંઓ વિગેરે અનેક વાર કાઢ્યાં છે તે પણ આજે નામશેષ થઇ ગયાં છે કે નહિ અને તમારી ના છતાંયે જૂની પ્રણાલિકાને તો શ્રી જૈનશાસનનો પંદર આનીથી પણ વધુ વર્ગ આજે પણ ત્રિકરણ યોગે જ જીવનપ્રાણ માની રહ્યો છે કે નહિ ? તો હવે વળી એકાદ બે વખત તેવા લુલા ફેંસલાની તેવી જૂઠી હજારો પણ નકલો છપાવીને ફેલાવી પણ લેશો

તેથી એ શાસનપ્રાણ પ્રણાલિકા શ્યે ખસેડવા સમર્થ થશે ? શા માટે ધર્મીજનોના દામનો ધૂમાડો કરવો જોઇએ ? હવે તો એ પાપ પ્રયાસથી વિરંમી જ જવાય તો નથી સારું ? સાથે શ્રીમાન જૈન સમાજને પણ એ વર્ગના આવવા તૈયાર થયેલા પ્રાય છેલ્લા જ વાવાઝોડા પ્રસંગે ખૂબજ સાવધ રહેવા જણાવીએ છીએ કે-સામા વર્ગ તરફથી સંભળાય છે તેવો તે લુલા ફેંસલાનો થોકબંધ નકલોના રૂપે પણ જૂઠો પ્રચાર થાય તેથી પૂર્વે દોરવાયા નથી તેમ કોઈપણ જૈનોએ કોઇપણ વાતોથી દોરવાવું નહિ

शिवमस्तु ।

# જૈન જનતા સાવધ રહે!

શ્રી જૈન શ્વેતામ્બર તપાગચ્છ સંઘ સેંકડો વર્ષથી જૈન શાસ્ત્રો અને તેને અનુસરતી જૈન પરંપરા પ્રમાણે બારે પર્વતિથિની અખંડ આરાધના કરે છે અને જ્યારે ટિપ્પણામાં બીજ પાંચમ આઠમ અગીઆરસ અને ચૌદસની ક્ષય વૃદ્ધિ આવે ત્યારે એકમ, ચોથ, સાતમ, દશમ અને તેરસની ક્ષય વૃદ્ધિ કરે છે, અને પુનમ અમાસની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરવામાં આવે છે. આ પ્રમાણેની રીતિને અનુસરી આપણાં જૈન પંચાંગો તૈયાર કરવામાં આવે છે તેમાં કોઈ દીવસ પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ હોતી નથી. જે પંચાંગોમાં પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ હોય તેને નાનો બાળક પણ કહી દે છે કે આ જૈન પંચાંગ નથી.

વિદ્યમાન તપાગચ્છના અનેક આચાર્યો, પન્યાસો અને બીજા ઘણા આગેવાનો જૈન શાસ્ત્રો અને તેને અનુસરતી જૈન પરંપરા પ્રમાણેજ પર્વારાધના કરે છે અને કરશે. કોઇપણ જૈનેતર વિદ્વાન્ આ તિથિચર્ચાનો વ્યવસ્થિત ઉકેલ ન લાવી શકે તેવું સમાજના વૃદ્ધ સૂરિપુંગવોનું માનવું પ્રથમથી હતુંજ છતાં કોઇપણ તટસ્થ અને સત્યપ્રિય વિદ્વાન્ જૈન શાસ્ત્રો પ્રમાણે તિથિચર્ચાનો ઉકેલ લાવશે-તો તેનો યોગ્ય ઉકેલ આવશે તેમ માત્ર પરમ પૂજ્ય સાગરાનંદસૂરિજી મહારાજનું માનવું હતું.

પરંતુ તિથિચર્ચાનું પરિણામ આવે તે અગાઉ કેટલાએ દીવસો પહેલાં પરમ પૂજ્ય સાગરાનંદસૂરિજીએ શેઠ કસ્તુરભાઇ લાલભાઇને અને જાહેર નિવેદનો દ્વારા તટસ્થની તટસ્થતા રહી નથી તેવું અનેક પૂરાવા વડે જણાવી દીધું છે આથી પૂ૦ સાગરાનંદસૂરિજી પણ પ્રાચીન શાસ્ત્રાનુલક્ષી પરંપરા પ્રમાણેજ પર્વોની આરાધના કરે છે ને કરવાના છે.

જૈન શાસ્ત્રોમાં તેર કે અગીઆર પર્વોનું કોઈ દીવસ બન્યું નથી કે સાંભળ્યું નથી અગીઆર પર્વની વ્યવસ્થા સ્વીકારતાં પર્વલોપનું મહાન પાપ લાગે છે માટે કહેવાતો તટસ્થતા રહિત આવનાર ચુકાદાથી જૈન સમાજ સાવધ રહે

તે ચુકાદો જૈન સમાજના કોઈપિણ વર્ગને લાભદાયક કે હિતકારક નથી

જણાવતાં અમને ખુબ દુઃખ થાય છે કે આ કહેવાતા ચુકાદામાં જે પ્રત્યેક જૈન, જૈન આગમ અને જૈન શાસ્ત્રોને સત્ય અને યથાર્થ માને છે તે પ્રાચીન સૂર્યપ્રજ્ઞપ્તિ, નિશીથ, દશાશ્રુતસ્કંધ, લોકપ્રકાશ વિગેરે આગમોને અને બીજા ઘણા શાસ્ત્રોને તેમણે હસ્તક્ષેપથી મેળવેલા આ ચૂકાદામાં ૧"**यानि तैः शास्त्राण्युपन्यस्तानि तेषां प्रामाण्यमेव वयं न सहामहे**" ૨ "**यानि शास्त्राणि समुपन्यस्तानि तानि शास्त्राभासान्येवेति**" "૧ જે શાસ્ત્રો તેઓએ રજુ કર્યાં છે તેનું અમે પ્રામાણ્યપણું પણ સહન કરી શકતા નથી. ૨ જે શાસ્ત્રો તેઓએ રજુ કર્યાં છે તે શાસ્ત્રો શાસ્ત્રાભાસ છે અર્થાત્ ખોટાં છે" એ શબ્દો દ્વારા આ કહેવાતા ચુકાદામાં જૈન આગમ ગ્રંથોને વગોવવામાં આવ્યા છે. ખરેખર આ ચુકાદો સ્વીકારનાર પોતાનો જય લાવવા માટે શાસ્ત્રોને ઉત્થાપવાનું પણ ચુકયો નથી.

અમે જાણીએ છીએ તે મુજબ આ આખી ચર્ચા જૈન શાસ્ત્રોને અનુલક્ષીને કરવાની હતી છતાં કહેવાતા ચુકાદામાં જૈન શાસ્ત્રોની ઉપેક્ષા કરી નથી એટલુંજ નહિ પણ તેની ઉપર અછાજતી ટીકા અને તેને ઉત્થાપવામાં-ઉડાવવામાં આવ્યાં છે.

આથી પ્રત્યેક જૈન આ ચુકાદો વ્યાજબી રીતે આવ્યો છે તેવા ભ્રમમાં ન પડે. આ ચુકાદાને ચુકાદા તરીકે માનવો કે ચુકાદાની બુદ્ધિએ વાંચવો તે મહાપાપ છે. કારણકે તેમાં જૈન શાસ્ત્રના મૂળ ઉપર કુઠાર છે.

પં હીરમુનિજી મહારાજ તથા અમે અને અમને અનુસરનાર સર્વ તેમજ જૈનશાસનના વિદ્યમાન સુવિહિત આચાર્યો પ્રાચીન શાસ્ત્રાનુલક્ષી પ્રણાલિકા પ્રમાણે જ પર્વોની આરાધના કરીએ છીએ અને કરવાના છીએ. માટે બહાર પડનાર ચુકાદાથી અને તેર ને અગિઆર પર્વને માનનાર વર્ગથી સૌ સંઘોએ સાવધ રહેવું.

**જૈન જનતાએ કહેવાતા આવનાર ચુકાદાને સાચો માનવો નહિં. તે ચુકાદો જૈનધર્મ અને જૈન શાસ્ત્રોને ઉત્થાપનાર છે તેમાં ચર્ચાના મૂળભૂત વિષયનું શાસ્ત્રો દ્વારા સમાધાન નથી માટે ખોટા ચુકાદાથી સાવધ રહો.**

વીરનો ઉપાશ્રય

તા. ૨૪-૮-૪૩

**द: पन्यास कीर्तिमुनि**

# છે કોઈ ચેલેંજને ઉપાડી લેનાર?

## તિથિનિર્ણયમાં હસ્તક્ષેપનો પુરાવો.

તિથિનિર્ણય આવી ગયાનું જૈન સમાજને સુવિદિત છે. શ્રી રામચંદ્રસૂરિના ભક્તોની એક ટોળકીએ મુંબઇ, પુના અને અમદાવાદ વચ્ચે જે દોડધામો કરી છે એ નિર્ણયને સ્વમાન્યતા મુજબ લાવવા માટે જે અકલ્પ્ય હસ્તક્ષેપ કર્યો છે તે સંબંધમાં સચોટ પુરાવા અને મેળવેલી ભરોસાપાત્ર બાતમીના આધારે મારી માહીતી મુજબની એક સત્ય ઘટના જૈન સમાજના ચરણે સાદર સમર્પણ કરૂં છું.

જો કે આ નિર્ણયનું ભાવી શાંતિ સ્થાપવા માટે શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ પોતાના કીંમતી સમયનો ભોગ આપી તેની પાછળ જે શ્રમ ઉઠાવ્યો છે તે ખરેખર અભિનંદનીય છે. પરંતુ મોટા પુરૂષો આજુબાજુ ડોકીયું કરે અને આ નિર્ણય આવતાં પૂર્વે જે જાતની રમત શ્રી રામચંદ્રસૂરિજીના અનુયાયીઓ તરફથી કરવામાં આવી છે તે સમાજના કાન પર અથડાતાં સમાજ ચોંકી ઉઠશે.

શેઠ શ્રી કસ્તુરભાઇને તો એ વાતની જાણ ભાગ્યેજ હશે કે જુન માસમાં જે ચુકાદો તેઓને ડૉ. પી. એલ. વૈદ્ય તરફથી મલ્યો છે તે ચુકાદો પોતાની તરફેણમાં હોવાની સત્તાવાર જાહેરાત તો મે માસમાં જ્ઞાનમંદિરની ગાદી પરથી સોસાયટી પક્ષના રાગી લેખકે કરી છે આ વાતમાં કોઇ શંકા નથી અને જેઓને શંકા હોય તેઓ સર્વેને મારી આથી જાહેર ચેલેંજ છે કે તેમણે તે વાત ખોટી ઠરાવવા બહાર આવવું નહી તો સમાજને એ વિચારવાનું રહેશે કે જે ચુકાદો જુનમાં શેઠશ્રીને મળ્યો તેની આગાહી મે માસમાં અકાળે કઇ રીતે થવા પામી?

શેઠ શ્રી કસ્તુરભાઇના કાન પર આ સચોટ પુરાવો હું તાત્કાલિક લાવવા માગું છું પરંતુ તેઓશ્રી ઇજીપ્ત જવાના હોવાથી એમ કરતાં કેટલોક સમય પસાર થઇ જાય એટલે તે માટે હું સમાજ ભૂષણ અને દાનવીર માનનીય શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલની લવાદી જો શ્રી રામચંદ્રસૂરિજીના ભકતો સ્વીકારવા તૈયાર હોય તો એ નક્કર બીના પુરવાર કરી આપવા હું કોઇપણ પળે તૈયાર છું.

સમાજમાં આ જાતનો ચુકાદો સ્વીકાર્ય ન થઈ શકે તેમાં દોષ કોનો? જેઓ હંમેશાં સમાજમાં ભાગલા પાડી શાસન ચલાવવા માગે છે તે શ્રી રામચંદ્રસૂરિજીના પક્ષનીજ આ જવાબદારી છે.

ચુકાદાનું ભાષાંતર બહાર પડતાં એ પક્ષ વિજયના ડીમડીમ વગાડશે પરિણામે સમાજમાં કલેશની ચીનગારી પ્રગટશે આ બધું થતાં અટકે એ માટે સોસાયટી પક્ષના રાગી અને સમાજના લેખક શ્રી ભગવાનજી જગજીવનદાસ કપાસીને સમાજની શાન્તિ ન ડોળાય તેમજ ભાવિમાં

થનારી શાસનની ટીકા અટકે એ ખાતર મારી વિનંતિ છે કે સત્ય ઉપર સાચો પ્રકાશ પાડે જે સમાજની મહાન સેવા ગણાશે. અને આથી સમાજમાં પ્રગટનારો દાવાનળ બુઝાઈ જશે.

. શ્રી રામચંદ્રસૂરિજીના ખાસ ભક્ત જો મારી આ ચેલેંજ ઉપાડી લઈ શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલની લવાદીનો સ્વીકાર કરવાની જાહેરાત કરશે તો હું મારૂં કથન બરાબર પુરવાર કરી આપીશ અન્યથા સમાજનો કોઇપણ ન્યાયપ્રિય માણુસ મનાતા મલીન અને દુષિત ચુકાદાનો સ્વીકાર કરવાની સલાહ નજ આપે.

જો આ ચેલેન્જ ઉપાડી લેવામાં નહિ આવે તો તેની વીગતો લાગતા વળગતાઓને જાહેર કરવામાં આવશે.

લી. ભવદીય,

**હિંમતલાલ યુ. શાહ.**

રતનપોળ, પાંજરાપોળ-અમદાવાદ.

તા. ૨૧-૮-૪૩

તા. ક—ઉપરના બહાર પડેલાં ત્રણ હેન્ડબીલો અમારા વાંચકોની માગણીને લઈ વાંચકોની વસ્તુસ્થિતિની જાણ માટે આપ્યાં છે. ચુકાદા અંગેનું લખાણ અને તેની સમાલોચના ચુકાદો બહાર પડે વ્યવસ્થિત રીતે સાદ્યંત અમે અમારા વાંચકોને પુરી પાડીશું. **તંત્રી.**

## પૂર્વાચાર્યોના ગ્રંથોનું કરાયેલું ભયંકર અપમાન.

### યાને વૈમનસ્ય વધારવાના સાધનોનું દિગ્દર્શન.

卐

જૈન સમાજમાં કેટલાંયે વર્ષોથી એક પછી એક વૈમનસ્યના સાધનોનું દિગ્દર્શન થાય છે. તટસ્થ મુનિઓ તથા ગૃહસ્થો શાંતિથી એ બધું જોઇ રહ્યા છે. હાલમાં સમાજની આગળ તિથિ-પ્રકરણ સં. ૧૯૯૨ની સાલથી ઉપસ્થિત થયું છે. આ પ્રકરણે બાપ દીકરા વચ્ચે, મા દીકરી વચ્ચે, મિત્ર મિત્ર વચ્ચે, કલેશ ઉત્પન્ન કર્યો છે. ઘેરેઘેર, ચકલે ચૌટે, ગામેગામ અને શહેરે શહેર, એમ સર્વ સ્થળે વૈમનસ્યની હારમાળા વધેલી જોઇએ છીયે. આરીતે સંઘનું નાવ ચકડોલે ચડયું. ચકડોલે ચડેલા એ પ્રકરણના બે આચાર્યોનો પાલિતાણામાં સમાગમ થયો. શેઠ શ્રી કસ્તુરભાઈએ એ પ્રકરણને શાંત કરવા પ્રયત્ન કર્યો. એ અંગે સહીઓ લીધી. શેઠ કસ્તુરભાઇએ નિયુક્ત કરેલ કોઈ એક તટસ્થ જે ન્યાય આપે તે બન્ને આચાર્યોને કબુલ હોવો જોઈએ. એ રીતનું લખાણ બન્ને આચાર્યોની સહીઓ સાથેનું કરવામાં આવ્યું. અરસપરસ એક બીજાની દલીલો નોંધવામાં આવી. મુદ્દાઓ દર્શાવ્યા. અને તે બધું તે તટસ્થને પહોંચાડવામાં આવ્યું. ત્યારબાદ તે તટસ્થ જાતે હાજર થયા. તેમની હાજરીમાં ચાર દિવસ અરસપરસ પ્રશ્નોની ઝડીઓ વરસી. બાદ તટસ્થ પોતાને માદરે વતન સિધાવ્યા. પરંતુ

પછીતો તે તટસ્થનું નામ જાણુવામાં આવ્યું. જૈન કોમના સ્તંભ સમાન ઘણુાયે હોવા છતાં એક જૈનેતરની આવી રીતે નીમણુંક કરવામાં આવે છે ! સર્વજ્ઞના ધર્મનું જેને લેશપણુ ભાન નથી, સ્યાદ્વાદ શૈલીની જેને ગંધ પણુ નથી એવા એ તટસ્થ આપણા સિદ્ધાંતોમાં પડેલ વિરોધને ફેંસલો ન્યાય કેવી રીતે આપી શકવાના હતા. આશ્ચર્ય તો એ થાય છે કે સર્વજ્ઞ ભગવંતના શાસનના એ આચાર્યોએ એ તટસ્થના અપાનારા ન્યાયને કબુલ કરવાનું શા માટે મંજુર રાખ્યું ? "વિદ્વાનો ભૂલે તો આખી ભીંત ભૂલે" એ ન્યાયે જૈન કોમના એ આચાર્યો ભીંત ભૂલ્યા. ને એમણે જૈનેતર મામુલી માણુસને કબુલ રાખ્યો.

પરંતુ તે તટસ્થનો નિર્ણય બહાર પડે તે પહેલાં જ જેઠ સુદમાં જ પુનાથી સુરતના ગૃહસ્થ પર 'વિજય રામચંદ્રસૂરીજીની જય'ના તારો છૂટયા, પેપરોમાં જયના પોકારો સંભળાયા. તટસ્થનો શું આવો ભરોસો ? તેની શું આટલી જ કિંમત ? અને તેમની નીમણુંક કરનાર શેઠ કસ્તુરભાઈની પણુ કેટલી કિંમત ગણુવી ? આનો ખ્યાલ કરવા સમાજને તેની જ બુદ્ધિ ઉપર છોડી દઉં છું. શું શેઠ કસ્તુરભાઈની આ ભયંકર ભૂલ હોય તેમ નથી લાગતું ? પણુ હા, આવી ભૂલો કરવી એ તો મોટા માણુસોને મન રમત વાત છે.

કહેવાતાં તટસ્થનો ફેંસલો અમોએ વાંચ્યો નથી છતાં વિશ્વાસપાત્ર સ્થળેથી જાણુવા મળ્યું છે કે જૈન આચાર્ય સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે જે પ્રમાણો પૂર્વાચાર્યોના શાસ્ત્રીય આધારે આપ્યાં છે તે શાસ્ત્રો પ્રમાણિક નથી, ન્યાયી નથી, સાચાં નથી. વિ. "જો આ વાત સાચી હોય તો અમારે દિલગીરી સાથે જણાવવું પડે છે કે આવા અન્ય ધર્મીને લવાદ તરીકે નીમવામાં શેઠશ્રી એ ભયંકર ભુલ કરી છે, અરે નહિ, સમસ્ત જૈનસંઘનું હડહડતું ક્રુર અપમાન કર્યું છે. સમસ્ત જૈન કોમના એક અગ્રગણ્ય વ્યક્તિ શેઠશ્રી કસ્તુરરભાઈએ આ પગલું ભરી, અન્યધર્મીને લવાદ તરિકે નીમી, અન્યધર્મી પાસે જૈન ધર્મના પૂર્વાચાર્યોના ગ્રન્થોને અપ્રમાણિક ઠરાવી, જૈનધર્મની કિર્તિને લાંછન લગાડયું છે, જૈન ધર્મનું હડહડતું અપમાન કર્યું છે. નિર્ણય ગમે તેના પક્ષમાં આવે, અમારે તેની સાથે નિસ્બત નથી; પરંતુ આતો "પાડે પાડા લડે તેમાં ઝાડનો ભૂકો નીકલે" એવું બન્યું છે. બન્ને આચાર્યોએ જૈનેતરને નીમી પૂર્વાચાર્યો ઉપર પ્રહાર કરવામાં કમીના રાખી નથી. અન્યમાર્ગી પૂર્વે પણુ પ્રહાર કરતા હતા, આજે પણુ કરે છે, તો પછી અન્યધર્મીને લવાદ તરિકે નીમવાનું પ્રયોજન શું ? આજે જે ચર્ચાઓ થઇ રહી છે. તે કંઇ નવી નથી. પૂર્વે પણુ તેમ થતું હતું, પરંતુ તે જમાનામાં સાધુઓની દુનિયામાં કોઈને પણુ પ્રવેશ કરવાનો હક્ક ન હતો. તેઓ જાતે જ અંદરોઅંદર સમજી જતા. ભૂતકાલનો કોઈ ઇતિહાસ એમ કહે છે કે

જૈન સાધુઓએ પોતાના વિખવાદ અંગે અન્યધર્મીનું અવલંબન લીધુ હોય? જૈનધર્મના એ પ્રખર–વિદ્વાન આચાર્યોએ એક મામુલી અન્ય માર્ગીને પોતાના લવાદ તરીકે સ્વિકાર્યો એ એમને પોતાને જ શોચનીય નથી લાગતું? આથી સમસ્ત ભારતના જૈન બંધુઓને મારી હાર્દિક વિનંતિ છે કે તેઓ આ અન્યમાર્ગીએ આપેલ શાસ્ત્રોને અપ્રમાણિક ઠરાવતા ચુકાદાને માન્ય રાખે નહિ. સાથેસાથે બન્ને આચાર્યોને તેમજ બન્ને પક્ષના મુની-મહારાજોને પણ મારી નમ્ર વિનંતી છે કે તેઓ પણ જૈન ભાઈઓને આ ચૂકાદો સ્વિકારવા દબાણ કરે નહિ. મારા જૈન ભાઇઓને હું પ્રશ્ન પુછું છું કે પૂર્વાચાર્યોના શાસ્ત્રોને અપ્રમાણિક અને જુઠાં ઠરાવનાર એક અન્યમાર્ગીના ચૂકાદાને સ્વીકારતાં તમને તમારૂં પોતાનું જ અપમાન થતું હોય તેમ નથી લાગતું? જૈન ધર્મનું અપમાન થતું હોય એમ નથી લાગતું? જે ભાઈમાં કે બ્હેનમાં જૈનધર્મ માટે ગૌરવ હોય, ધગશ હોય, જૈનધર્મની ઉન્નતિ માટે તમન્ના હોય, જેનામાં સ્વમાનનો જરા જેટલો પણ અંશ હોય તે આ અપ્રમાણિક–અને આ અપમાનિત ચુકાદાને કદી પણ સ્વિકારે નહિ. હવે મારી એક વિનંતિ પૂજ્ય આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરિશ્વરજીને છે કે એમણે પોતાના સમર્થનમાં જે પ્રમાણો આપ્યાં છે તે શાસ્ત્રોના કર્તા કોણ છે તે મહેરબાનીની રાહે બહાર પાડે. આથી જે ગ્રંથોને અપ્રમાણિક ઠેરવવામાં આવ્યા છે અને જેને લીધે તીવ્ર મતભેદ જાગ્યો છે તે આપોઆપ દૂર થશે અને સંઘમાં થતો કલેશ પણ અટકશે. સાથોસાથ મારા જૈનભાઇઓને પણ હું વિનંતિ કરૂં છું કે આ અસત્ય ફેંસલા પ્રત્યે આપ આપનું ધ્યાન દોરશો નહિ. પૂર્વ પરંપરાએ જે પ્રમાણે તિથિઓ ચાલી આવે છે તેજ પ્રમાણે અનુસરવું અને તેજ તિથિઓને પ્રમાણિક ગણવી, એ શાસ્ત્રિય પદ્ધતિ છે.

સાથોસાથ શેઠ કસ્તુરભાઇનું પણ ધ્યાન ખેંચું છું કે આપનાજ હસ્તે નીમાયેલ તટસ્થ, તમારાજ જૈન ધર્મના ગ્રંથોને અપ્રમાણિક અને જુઠ્ઠાં ઠેરવી જૈન ધર્મનું હડહડતું અપમાન કરી, સીધી કે આડકતરી રીતે આપનું પોતાનું જ અપમાન કરતા હોય એમ નથી લાગતું? આપના પિતાશ્રીનો દાખલો લો. તેઓ ધર્મ પ્રત્યે કેટલું માન અને લાગણી ધરાવતા હતા? વસ્તુપાળ અને તેજપાળ શાસનના અપમાનને અંશ માત્ર પણ સહન કરતા નહિ. તો પછી તમોએજ નીમેલ તટસ્થ, તમારાજ પ્રાણપ્રિય ધર્મનું અપમાન કરે એ આપને શોચનીય નથી લાગતું? દિલગીરીની વાત છે કે જૈનસંઘે જ્યારે તમને તિથિચર્ચાના વકીલ માની લીધા છે ત્યારે તમારાજ હાથે જૈન સંઘને આવું ભયંકર અપમાન સહન કરવું પડે છે. આથી હું આપને વિનંતિ કરૂં છું કે એ અપમાનિત ચુકાદાને આપ પણ સ્વીકારશો નહિ વળી એ ચુકાદો બહાર પાડશો નહિ. એજ વિનંતિ—

લી.

**શાહ વસંતલાલ રતિલાલ**

**રાંદેર** (તા. સુરત)

# જૈન જ્યોતિષ સંબંધી કાંઈક

લે. મુનિરાજશ્રી આણંદવિજયજી મહેસાણા (ઉ. ગુજરાત)

દરેક હીંદુધર્મ અષ્ટાંગનિમિત્ત એટલે આઠ પ્રકારનું જ્યોતિષ માને છે. પશ્ચિમવાદીયો ચાર પ્રકારે માને છે. જ્યારે જૈનો ચોવીશ પ્રકારનું તે શાસ્ત્ર માને છે. આઠ કર્મરૂપિ આઠ ગ્રહો પંચમ કાળમાં અસરકારક મનાય છે. સમવાયાંગાદિ સૂત્રોમાં જૈનો અઠ્યાશી ગ્રહો માને છે. જેનાં નામો સૂત્રોમાં ઠેકઠેકાણે છે. રાહુ-કેતુ એકજ ગ્રહના ભાગ પ્રમાણે જ હોવાથી ગ્રહ આઠ ગણાય છે, જૈનો તેને આઠ કર્મના કારક માને છે. જેવીરીતે જેને બૃહસ્પતી નબળો હોય તેને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય માને છે શની નબળાથી વેદનીયકર્મ માને છે. રાહુને અંતરાય કર્મમાં માને છે. હીંદમાં લૌકિકમાં પણ કામમાં આડી ફાચર પડે તો લોકો રાહુ નડયો કહે છે. જીનેશ્વરના અદ્ભૂત સ્યાદ્વાદ માર્ગમાં સાધુએ જ્યોતિષ જોવું નહિ. તેવું પણ લાભાલાભના કારણે દાખલા સાથે ફરમાન છે. ઉપદેશ માળામાં જ્યોતીષ જોવા માટે બહુ પાપ કહેલ છે. જ્યારે બીજી બાજુ આઠ પ્રવચનમાં જેને નિમિત્ત જ્ઞાન ન આવડતું હોય તે જૈન ધર્મ સુપ્રભાવિ શકે નહિં તેમ પણ લખાણ છે. પૂર્વાચાર્યોએ ઠેકઠેકાણે જ્યોતિષ ગ્રંથોની રચના કરી છે તેમ જ્યોતિષ જોયાં છે. જૈનોના પીસ્તાલીશે આગમમાં પ્રકારાંતરે જ્યોતિષની પ્રરૂપણા છે. હરિભદ્રસૂરિ જયશેખરસૂરિ, આદિ યુગપ્રધાનોએ બહોળા ગ્રંથોની રચના કરેલી છે. હેમચંદ્રસૂરિએ ત્રિષષ્ઠિમાં, દૃષ્ટાંતમાં ઠેકઠેકાણે જ્યોતિષના દાખલા દીધા છે. જેવી રીતે કે વાસુદેવના સુદર્શન ચક્રને વક્રી મંગળના ગ્રહની ઉપમા આપી છે. લંકા ઉપર રામચંદ્રજીની ચઢાઇને મીન રાશીના અર્થની ઉપમા આપી છે કે લંકા તેવું ખળભળી ઉઠયું. વળી શ્રીમાન્ હેમચંદ્રસૂરિજીએ કુમારપાળનું ભાવિ ઉતમ તારીખવાર બતાવી આપેલ છે. તેવી જ રીતે નરચંદ્રાચાર્યની કૃપા વસ્તુપાળાદિ મંત્રીઓને ફળેલ પેથડકુમારને પણ તેવા ગુરૂની આગાહી ફળેલ તેવાં પ્રમાણો છે. વૃદ્ધોનું એમ માનવું છે કે વનરાજ ચાવડાના રાજ્યાભિષેકનું મુહૂરત કૃપાળુ શીલગુણસૂરિ જ દેનાર હતા. તાત્પર્યમાં જૈન માર્ગ એકાંત નથી જેથી થોડું લખી દેવા પ્રેરાયો છું. ઘણા પાટીયાં ચોઢેલા જોષીયો અમને આશ્ચર્યથી પુછે છે કે આપ દીક્ષ તારીખ વાર ફળ કઇ રીતે કહો છો ? હું તેઓને જૈનોના અગાધ સમુદ્રને તપાસવાનો હક્ક મેળવવા કહું છું બાકી વાદ-વિવાદમાં પડતો નથી. જોષીયો બુધના ઉદયથી કોઇને સારૂં ભાવિ કહે તેમાં હું મધ્યસ્થ જ રહું છું. કારણ વાદવિવાદથી લાભ હોતો નથી પણ આપણું બીજો તાણી જાય છે. જૈન શાસ્ત્રો ખુલ્લું કહે છે કે-"નો ઉત્પાતં વિના ઉદયં બુધઃ" બુધ તોફાન કે ઉત્પાત વિના ઉદય પામતો જ નથી. માંદાને

સાજો કરે અગર મારી નાંખે. નરમાઇમાંથી ગરમાઈ લાવે, જેમ શ્રીરામને રાજ્યાભિષેકમાંથી વનવાસ થયો તેવા નહી ધારેલ ઉત્પાત બુધોદય કરે છે.વળી જ્યારે તે અતિવક્રાગતિમાં હોય છે ત્યારે પાણીની રેલોથી ગામ તણાય છે. ધરતી કંપ થાય છે તથા શાહુકારને દેવાળું અપાવે છે.

હવે લેખનું ખાસ પ્રયોજન જે સંવત ૨૦૦૦ના કાર્તિક, માગશર અને પોષમાં ગ્રહોની સ્થિતિ એટલી વીફરે છે કે પ્રાયે સુખી શબ્દ બોલનાર જડવો કઠિન છે અપવાદ રૂપે જ કોઇ પોતાને સુખી માનશે. ત્યાગી મુનિઓ પણ હેરાન થશે. સં. ૧૯૯૯નું ગ્રહણ અઢી માસ પછી માઠું ફળ લાગટ ત્રણ માસ આપશે. મકર રાશીવાળા તથા મકરના સ્થાન-દરિયાવાળા પીડાશે. દરિયાઇ યુદ્ધ જોરમાં પ્રવર્તશે, કુંભ રાશીથી ગ્રહણ સંબંધ કરતું હોવાથી કુંભ એટલે ખાલી ઘડો અને ખાલી એટલે આકાશનું યુદ્ધ ઘણું હીંદને જોવા વખત આવશે. હવે સુજ્ઞ જૈનોએ ઉપરની હકીકત લાગુ પડતી દેખતાં તુરત તીર્થંકરની યાત્રા અથવા જાપ શરૂ કરી દેવા. જેથી શાંતિ થશે તેમાં સંશય જેવું નથી.

# વર્તમાન સમાચાર.

## પરમપૂજ્ય પં. ભાવવિજયજી ગણિની નિર્વાણ તિથિ

**વિસનગર**—પરમ પૂજ્ય આચાર્ય વિજયહર્ષસૂરીશ્વરજીના અધ્યક્ષપણામાં શ્રા. સુદ ૩ ના દિવસે પરમ પૂજ્ય અનુયોગાચાર્ય પંન્યાસશ્રી ભાવવિજયજીની ગણિની નિર્વાણ તિથિને લઇ મંડીના ઉપાશ્રયમાં પંચકલ્યાણકની પૂજા સંઘ તરફથી ભણાવવામાં આવી હતી. પ્રસિદ્ધ સંગીતકાર પ્રાણસુખભાઇએ પોતાના સંગીતથી અપૂર્વ ભાવોલ્લાસ ઉત્પન્ન કર્યો હતો.

**રાધનપુર**—શ્રાવણ સુદ ૩ ના પરમ પૂજ્ય અનુયોગાચાર્ય પં. શ્રી ભાવવિજયજી ગણિની જયંતિ-નિર્વાણ તિથિ પૂ. ઉપાધ્યાય દયાવિજયજી ગણિના અધ્યક્ષપણા નીચે ઉજવવામાં આવી હતી અને તે નિમિત્તે આદીશ્વર ભગવાનના દહેરે પાંચ જ્ઞાનની પૂજા ભણાવવામાં આવી હતી ને ભારે આંગી રચાવવામાં આવી હતી તથા અષાડ વદી ૧૪થી ચૌદ પૂર્વની તપસ્યા શરૂ થઇ છે તેમાં લગભગ અઢીસો સ્ત્રી-પુરૂષોએ પ્રવેશ કરેલ છે.

## શ્રીમાન પન્યાસ પ્રવર ભાવવિજયજી ગણિવર્યની સ્વર્ગારોહણ તિથિ

**અમદાવાદ શામળાની પોળ**—અત્રે બિરાજમાન વિદ્વદ્વર્ય આચાર્ય વિજયોદયસૂરિના સદુપદેશથી દાદા ગુરૂવર્ય શાંતમૂર્તિ પંન્યાસજી મહારાજ ભાવવિજયજી ગણિવર્યની શ્રા. સુ. ૩ના સ્વર્ગારોહણ તિથિ હોવાથી શામળાજીના દહેરાસરે રાગરાગિણી પૂર્વક પૂજા આંગીની રચના રચાવવામાં આવી હતી.

આચાર્યશ્રી વિજયોદયસૂરિજીની નિશ્રામાં શ્રાવક શ્રાવિકાઓની ભાવના થવાથી ચૌદ પૂર્વની તપશ્ચર્યા શરૂ કરાવતાં

લગભગ સીત્તેર તપસ્વીઓએ આ તપશ્ચર્યામાં પ્રવેશ કર્યો હતો. તેમાં શેઠ ચીમનલાલ ધોળીદાસ ઢાળની પોળ,તથા શા મોતીલાલ ગોકળદાસ એ બન્નેની જુદી જુદી ટોળીઓ તથા બીજા ઘણા ઉદારદીલ ગૃહસ્થો તરફથી રૂપાનાણા વિગેરેની પ્રભાવના ને પૂજા ચાલુ કરવામાં આવી હતી. છેલ્લે દીવસે પોષાતી અને તપસ્વીઓનાં પારણાં શેઠ ચીમનલાલ તરફથી થયાં હતાં. અને રાત્રિ જાગરણ કરાવી એકેક આનાની પ્રભાવના કરવામાં આવી હતી.

## રાંદેરમાં જયંતિ

અત્રે પં. ભાવવિજયગણિ મહારાજની જયંતિ નિમિત્તે પૂજા તથા ભાવનાનો કાર્યક્રમ શ્રાવણ સુદ ત્રીજને દિવસે રાખવામાં આવ્યો હતો.

ખૂબજ આનંદ અને શાંતિપૂર્વક ચૌદ પૂર્વનું તપ પુરૂં થયું છે. તપ કરનાર બ્હેનો તરફથી લાગલાગટ ત્રણ–ચાર દિવસ પૂજા ભણાવવામાં આવી હતી.

અત્રે સારા પ્રમાણમાં તપસ્યાઓ શરૂ થઇ છે. બ્હેનોનો ઉત્સાહ અનેરો છે.

વિશેષમાં અત્રે ત્રાંબડી વ્રત શરૂ કરવામાં આવ્યું છે.

દિલગીરી સાથે અમારે જણાવવું પડે છે કે અત્રે ભગવતીસૂત્રનું વાંચન શરૂ કરાવનાર શેઠ નાથુભાઇ સોમચંદનું શ્રાવણ સુદ ત્રીજને દિવસે રાત્રે, આશરે નવના સુમારે કરપીણ ખૂન થયું છે.

## ચિતોડજીર્ણોદ્ધાર ફંડ—

પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી મારવાડ વાંકલી પંચસમસ્ત રૂપિયા ૧૦૦૦) બાલાપુર દક્ષિણ શેઠ લાલચંદ સુખલાલ રૂ. ૧૦૦૦) અમદાવાદ કસુંબાવાડો શેઠ સોમચંદ પિતાંબરદાસ રૂ. ૧૦૦૦) અમદાવાદ ચંગપોળના પંચ તરફથી રૂા. ૮૦૦)

પં. સંપતવિજયજીગણિના ઉપદેશથી અમદાવાદ રાજામેતાની પોળ લક્ષ્મીનારાયણની પોળના પંચતરફથી વકીલ મણિલાલ મોહનલાલે રૂ. ૧૦૦૦) ઉપરની રકમ ચિતોડ જીર્ણોદ્ધારફંડ માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં ભરાવવામાં આવી છે.

**માંડવી** (કચ્છ) પં. ચંદનવિજયજી તથા મુનિ શુભવિજયજીના પ્રયાસથી અહિં નીવી તપ થાય છે. કલીકટથી શેઠ નાગજીભાઇ ઉમરશીભાઇ માંડવીવાળા તરફથી શ્રા. સુ. ૮થી શ્રા. વ. ૨ સુધી નીવી તપ ચાલ્યો. ૧૬૭ ભાઇ બ્હેનોને સાકરનો પડો ને પાંચીઓ (ગુજરાતના બે રૂપીઆ)ની પ્રભાવના કરવામાં આવી હતી.

અનુસંધાન ટાઇટલ પૃ. ૩

મુદ્રક-**હીરાલાલ દેવચંદ શાહ.** "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે-**અમદાવાદ.**
પ્રકાશક-**ભોગીલાલ સાંકળચંદ શેઠ.** "**જૈનધર્મ વિકાસ**" ઓફિસ જૈનાચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી વાંચનાલય. ૫૬/૧ ગાંધીરોડ-**અમદાવાદ.**

-: તુરતમાં જ બહાર પડેલ :-

ઉપાધ્યાયજી શ્રીયશોવિજયજી વિરચિત વૈરાગ્યરસની પોષક

# वैराग्य कल्पलता

ઉપાધ્યાયજી મહારાજે બનાવેલ વૈરાગ્ય રસનો પોષક અપૂર્વ ગ્રંથ છે. પત્રાકારે ડ્રોઈંગ પેપરમાં પૂર્ણરૂપમાં પહેલીજ વાર બહાર પડે છે. કિ. ૬-૪-૦

**समराइच्चकहा (बे भागमां पूर्ण)**

યાકિનીમહત્તરાસૂનુ આચાર્ય શ્રીમાન્

હરિભદ્રસૂરિવિરચિત પ્રશમરસપૂર્ણ

( સંસ્કૃત છાયા સહિત ૧ થી ૯ ભવ ) કિં. ૧૦-૦-૦

**प्रज्ञापनासूत्र मूळ** કિં. ૧૬-૦-૦

( મૂળ મૂળનું ભાષાંતર તથા આચાર્ય મલયગિરિ વિરચિત સંપૂર્ણ ટીકાના ભાષાંતર સાથે, ત્રણ ભાગ સંપૂર્ણ પત્રાકાર)

**विक्रम चरित्र** કિં. ૫-૦-૦

( શ્રીશુભશીલગણિ વિરચિત પત્રાકાર )

**પંચસંગ્રહ ભાષાંતર** ભાગ ૧ લો ,, ૪-૮-૦

,, ,, ભાગ ૨ જો ,, ૫-૦-૦

આ ગ્રન્થમાં ચંદ્રર્ષિ મહત્તરાચાર્ય કૃત મૂળ તથા આચાર્યશ્રી મલયગિરિજીએ રચેલ સાડા અઢાર હજાર શ્લોક પ્રમાણ ટીકાનું ભાષાંતર આપવામાં આવેલું છે, જેમાં છએ કર્મગ્રન્થ, કર્મપ્રકૃતિ-આઠ કરણ, ઉદય અને સત્તા તથા તેને લગતા અનેક વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે, કર્મગ્રન્થના અભ્યાસની ઈચ્છાવાળાને અભ્યાસ કરવા યોગ્ય આ સુંદર પુસ્તક છે.

---

પ્રાપ્તિસ્થાન :- **હીરાલાલ દેવચંદ**

૧૫, જૈન સોસાયટી, અમદાવાદ.

દેવચંદ લાલભાઈ ગ્રંથમાળા તરફથી છપાયેલા

## અમારે ત્યાં મળતા પુસ્તકો

| | મૂળ કિંમત | ઘટાડેલી કિંમત |
|---|---|---|
| નવપદ પ્રકરણ લઘુવૃત્તિ | ૧-૦-૦ | ૦-૮-૦ |
| ભરતેશ્વર બાહુબલી વૃત્તિ બન્ને ભાગ | ૪-૦-૦ | ૪-૦-૦ |
| તત્ત્વાર્થ સૂત્ર ટીકા | ૬-૦-૦ | ૩-૦-૦ |
| ભક્તામર સ્તોત્ર | ૫-૦-૦ | ૨-૮-૦ |
| જૈન ધર્મવર સ્તોત્ર | ૩-૦-૦ | ૧-૮-૦ |
| અનેકાર્થ રત્ન મંજુષા | ૩-૦-૦ | ૧-૮-૦ |
| મહાવીર ચરિયં | ૪-૦-૦ | ૩-૦-૦ |
| આચાર પ્રદીપ | ૧-૮-૦ | ૦-૧૨-૦ |
| વિચાર રત્નાકર | ૩-૦-૦ | ૧-૮-૦ |
| ઋષભ પંચાશિકા | ૪-૦-૦ | ૨-૦-૦ |
| પ્રિયંકર નૃપ કથા | ૧-૮-૦ | ૦-૧૨-૦ |

પ્રાપ્તિસ્થાનઃ- હીરાલાલ દેવચંદ

૧૫, જૈન સોસાયટી, અમદાવાદ.

શારદા મુદ્રણાલય પાનકોર નાકા—અમદાવાદ.

## અમરેલી-સૂત્રવાંચન

વિદ્વદ્વર્ય શ્રી. કમળવિજયજી મહારાજ. શાંતમૂર્તિ જયંતવિજયજી મહારાજ, શ્રીવિશાલવિજયજીમહારાજ, તપસ્વી શ્રી મનોહરવિજયજી મહારાજ, શ્રી હર્ષવિજયજી, શ્રી જયાનંદવિજય. ઠા. ૬ અમરેલી સંઘના આગ્રહથી અમરેલીમાં ચાતુર્માસ રહ્યા છે. વ્યાખ્યાનમાં ઉત્તરાધ્યયન સૂત્ર અને ચિત્રસેન પદ્માવતીની કથા વંચાય છે. લોકો સારી રીતે લાભ લેછે. છુટક છુટક તપસ્યા બહુ સારા પ્રમાણમાં થાય છે.

**સુધારો—**

પૂજ્ય આચાર્યશ્રી સૂરેન્દ્રસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય મુનિ ભૂવનવિજયજી ઠા. ૩ ખેતરવશીના ઉપાશ્રયે ચાતુર્માસ રહેલ છે ગયા અંકના પંચાંગમાં બે તેરસ ખોટું છપાયેલ છે પણ ૧૩ શનિ. ૧૪ રવી ૦)) સોમ વાંચવું.

## સૂત્રવાંચન અને તપસ્યા

પન્યાસજી શ્રી. માણેકવિજયજી ગણીને ભાગલપુરના સંઘની ચતુર્માસની વિનંતિ થઇ હતી પરંતુ બીહાર શરીફના ભાવિક શ્રાવક શ્રાવિકાઓના આગ્રહથી અત્રે ચતુર્માસ પં. શ્રી. રહી અષાડ વદી ૨ થી વ્યાખ્યાનમાં શ્રી. ઉત્તરાધ્યયનસૂત્ર તથા સમરાદિત્ય કેવલિચરિત્ર વાંચે છે. સૂત્ર વાંચનને દીવસે સૂત્રનુ પૂજન કરી જ્ઞાનની પૂજા ભણાવી પેંડાની પ્રભાવના કરવામાં આવી હતી. પં શ્રીના ઉપદેશથી શ્રાવણ સુદી. ૧ થી અષ્ટમહાસિદ્ધિ તપ અને સાતસુખ તપ શરૂ થયો હતો જેમાં બાલકોએ પણ ઉત્સાહથી તપનુ આરાધન કર્યું હતુ અને શ્રાવણ વદી ૪ થી અક્ષયનિધિ તપ શરૂ થનાર છે.

## રાજકોટના વર્તમાન

અત્રે જૈનાચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિના શિષ્યરત્ન પંન્યાસજી શ્રી ધર્મવિજયજી મહારાજ આદિ થાણુ જૈન તપાગચ્છને ઉપાશ્રયે ચોમાસું બિરાજે છે દરરોજ પ્રાતઃકાલે વ્યાખ્યાનમાં 'આત્મ પ્રબોધ' વંચાય છે. ભાઇઓ અને બહેનો સારા પ્રમાણમાં લાભ ઉઠાવે છે; મુનિરાજ શ્રી નરોતમવિજયજી મહારાજશ્રીએ સિદ્ધિ તપ પૂરો કરીને ઉપરાંત તરતજ દશ ઉપવાસનાં પચ્ચખાણ કર્યાં હતાં. તે તપ પણ પુરૂં થયું છે. અત્રેના ઉદારચિત્ત શેઠ શ્રી છોટાલાલ હેમચંદ શાહ પાટણ નિવાસીએ મહારાજશ્રીના ઉપદેશથી 'શ્રી નવકારમંત્રનો તપ' કરાવ્યો હતો મહારાજશ્રી જાતે ક્રિયા કરાવતા હતા. આશરે બસેં ભાઇઓ તથા બહેનોએ આ તપમાં ભાગ લીધો હતો.

## વિજયાનંદની સમાલોચના.

પ્રથમ અંક બહુ જ સારી રીતે છપાયેલો છે. બાહ્ય અને અભ્યંતર બન્ને સ્વરૂપ સુંદર છે. કાગળ છપાઈ અને ડેકોરેશન સરસ છે. સાથે પ્રમાણિક અને અનુભવી લેખકોના લેખો કે જે આજે સમાજને ખુબ ઉપયોગી છે તેનો આમાં સંચય કરવામાં આવ્યો છે.

આપણે 'વિજયાનંદ' પાસે એટલી જરૂર આશા રાખીએ કે તે જનતાને સાહિત્ય રસિક બનાવે ને મૌલિક વસ્તુને પુરી પાડનાર સામાયિકો પ્રત્યે જૈનજનતાને આકર્ષે. 'વિજયાનંદ'ના લેખો સારા અને ઉપયોગી છે. પ્રાપ્તિસ્થાન શ્રી 'આત્માનંદ જૈન સભા' ગોડીજી બીલ્ડીંગ મુંબઇ નં. ૩.

## ૨૦૦૦ ની સાલનું પંચાંગ.

જૈનશાસ્ત્ર અને તદનુસારી પરંપરાવાળું પંચાંગ અમારા તરફથી ટુંક સમયમાં બહાર પડશે.

---

# તપાગચ્છ પટ્ટાવલી

## સાહિત્યરસિક જનતાને ખાસ તક

ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત—

તપાગચ્છ પટ્ટાવલી:—સંપાદક, પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજ.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ઠના, શોભિત ફોટાઓ, અને પાકું પુંઠું (જેકેટ) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧-૮-૦. પોસ્ટેજ જુદું.

લખો—જૈન ધર્મ વિકાસ ઓફિસ, ૫૬।૧ ગાંધી રોડ, અમદાવાદ.

---

બહાર પડી ચૂકેલ છે

## શબ્દરત્નમહોદધિ શબ્દકોષ ભાગ ૨ જો

સંગ્રાહક, પન્યાસજી શ્રીમુક્તિવિજયજી.

પહેલા ભાગના રૂા. ૮-૦-૦, અને બીજા ભાગના રૂા. ૧૦-૦-૦ પોસ્ટેજ જુદું રાખવામાં આવેલ છે.

લખો.-શ્રીવિજયનીતિસુરિજી જૈન લાયબ્રેરી, ૫૬/૧ ગાંધીરોડ, અમદાવાદ.

—: સરસ્વતી પુસ્તક ભંડાર :—

હાથીખાના રતનપોળ<br>**અમદાવાદ.**

લક્ષ્મી નિવાસ, પાંજરાપોળ લેન<br>**મુંબઇ.**


---

## જગદ્ગુરૂ હીરસૂરીશ્વરજી અંક

આવતા અંકમાં જગદ્ગુરૂ હીરસરીશ્વરજી જીવન વિભાગના લેખો ઉપરાંત પ્રાસંગિક લેખો મોકલી આપવા તથા સમાચારો મોકલી આપવા વિનંતિ છે. તંત્રી-

---

## આવશ્યક.

### આવતો અંક આસો સુદી પ્રતિપદાએ બહાર પડશે.

૧ આ વર્ષે ગ્રાહક થનારને ભેટના પુસ્તક તરીકે ૧ તીર્થોદ્ધારકઆચાર્ય વિજયનીતિસુરિ જીવનચરિત્ર (સચિત્ર ગુજરાતી) લેખક ફુલચંદ હરિચંદ દોશી. ૨ સપ્તતિ સ્થાન પ્રકરણ. ૩ વાકયપ્રકાશ મોકલવામાં આવશે.

૨ ઉત્સવ, દીક્ષા, કે બીજા કોઈ ઉપયોગી સમાચારો વદી પાંચમ પહેલાં મોકલવા કૃપા કરવી.

૩ ધર્મ પ્રભાવક કે જૈન જનતાને ઉપયોગી સમાચારો અમને મોકલવામાં આવશે તો તેને અવશ્ય સ્થાન આપીશું.

૪ લેખક મહાશયોએ પોતાનો લેખ સારા અક્ષરે મોકલી આપવા અમારી વિજ્ઞપ્તિ છે.

૫ આ પત્રમાં કોઇપણ ભાઇ જૈનધર્મ વિષયક શંકાઓ મોકલશે તેના ઉત્તરો પ્રશ્ન સાથે માસિકમાં આપવામાં આવશે.

તંત્રી.

શ્રી જૈન ધર્મ વિકાસ.